
આનંદધારા

બાલકો માટેની રસમય વાર્તાઓનો

: સંગ્રહ :

[સચિત્ર]



:સંયોજક અને પ્રકાશક:
રમણલાલ નાનાલાલ શાહ

સચિત્ર સ્તવન સમશ્લોકી

શ્રી સરળ ભગવદ્ ગીતા

લખનાર

કાનજી કાળીદાસ જોશી

પ્રકાશક

મણીલાલ કે. દેશાઇ, બી. એ. એલએલ. બી.

આવૃત્તિ ૨ જી

કિંમત આઠ આના

પહેલી આવૃત્તિ ટુંક વખતમાં જ ખપી જવાથી આ બીજી આવૃત્તિ સુધારાવધારા સાથે બહાર પાડવામા આવી છે. તેમા **પંચાયતન દેવતાઓ** તથા **નવગ્રહાદિ** બીજા દેવોનાં **સ્તવનો, વેદમંત્ર** અને **માતૃભુમિનું સ્તવન** પણ આપવામાં આવેલુ છે.

જુદા જુદા દેવોના સ્તવનો તથા તેમની પ્રતિમાઓ પહેલી આવૃત્તિમાં આપેલી હોવાથી તેનો લાભ ભગવદ્ ભકતોએ પ્રાતઃસ્મરણ અને પૂજન માટે ઘણા પ્રેમથી લીધો હતો. તેથી આ વખત આઠને બદલે **સોળ** પ્રતિમાઓ આપવામાં આવી છે. આમ છતા પણ કિંમતમાં **ઘટાડો** કરવામા આવ્યો છે. આવી **સચિત્ર** અને **દેવદેવીઓની પ્રતિમાઓ** અને **સ્તવનોવાળી** ગીતા ગુજરાતી ભાષામા પહેલીજ વાર છપાયલી હોવાથી રોજીંદા અને અઠવાડીક વર્તમાનપત્રો તેમ જ માસિકોએ આપેલા અભિપ્રાયોમાંથી થોડાક નીચે ટાંકી બતાવ્યા છે

થોડાક અભિપ્રાય

ગુજરાતી—××× પંચાયતન દેવતાઓનાં સ્તવનો પાઠ કરનારાઓના લાભ માટે છાપેલા છે અને તે દરેકનું ચિત્ર આપેલું છે ×××

હિંદુસ્થાન—××× ગીતાના ભાષાંતરનો **સુંદર નમુનો** ગીતાના અભ્યાસીઓને સ્તવન વખતે ધાર્મિક ચીત્તે આંખ આગળ તરે ત્યારે તેઓનું માનસિક વાતાવરણ વધુ શુદ્ધ અને ધાર્મિક બને છે......ચિત્રો શણગાર રૂપ છે ×××

બાલજીવન—××× ચિત્રો વિગેરેની શોભા સારી છે ×× ઘણું **સરસ** છે.

લેખક તથા પ્રકાશકનો ઉદ્દેશ

આવા ધાર્મિક પુસ્તકોનો બહોળો **પ્રચાર** કરી લોકોમાં ધાર્મિક વૃત્તિઓ અને ચૈતન્યો ચેતવવાનો છે આથી આ આવૃતિની કીંમત રૂ. ૦-૮-૦ રાખી છે.

ભાવિકોએ નીચેના ઠેકાણેથી મંગાવવી:

મણીલાલ કે. **દેશાઈ**, બી. એ એલએલ બી, નં. ૧૦૦, **ભુલેશ્વર** મુંબઇ નં. ૨.

આર. **વનમાળીદાસની કું**, કાલબાદેવી રોડ, મુંબઈ નં ૨

બાલજીવન પુસ્તકમાળા—પુસ્તક ૫મું

આનંદધારા

ભાગ ૧

બાલકો માટે રસમય વાર્તાઓનો સંગ્રહ

સચિત્ર

આવૃત્તિ ૧લી
કિમ્મત રૂ. ૦-૬-૦

:મુદ્રક:
મૂળચંદ કસનદાસ કાપડીઆ
"જૈન વિજય" છાપખાનું, ખપાટીઆ ચકલા,
સુરત

:સંયોજક અને પ્રકાશક:
રમણલાલ નાનાલાલ શાહ
બાલજીવન કાર્યાલય,
કાવેલ, કાલબાદેવી-ગાયવાડી, મુંબઇ, નં. ૨

બાલજીવન પુસ્તકમાળાનાં આગલાં

પુસ્તકો

(૧) વસંત ... ... (શીલક નથી)

(૨) સ્વામિભક્ત સુરપાળ
(સ્ત્રી પાત્રવગરનું બાલનાટક) રૂા. ૦-૩-૦
(શીલક નથી)

(૩) બાલા ગીત મંજરી
બાલિકાઓ માટે ગીતોનો સંગ્રહ રૂા. ૦-૪-૦
(શીલક નથી)

(૪) અમારી વાર્તાઓ
બાલકો માટે રસિક ટચુકડી વાર્તાઓનો
સચિત્ર ઉત્તમ સંગ્રહ ... રૂા. ૦-૮-૦
(મળી શકે છે)

: બીજાં પુસ્તકો :

(૫) બાલજીવન પુસ્તકઃ ૩ અને ૪, દરેકના રૂા. ૫-૦-૦
મહાત્મા ગાંધીજીનો જેલનો અનુભવ રૂા. ૦-૫-૦
રાષ્ટ્ર કીર્તન ... ... રૂા. ૦-૫-૦

બાલજીવન કાર્યાલય, કાવેત્રી, મુંબઈ. ૨
બાલજીવન કાર્યાલય, આજવાડા, ઘેળીકુઈ, વડોદરા
બાલજીવન કાર્યાલય, મલાડ

થોડુંક જરૂરી

બાલજીવન પુસ્તકમાળાનું આ પાંચમું પુસ્તક છે. આ અગાઉનાં પુસ્તકોને પ્રજાએ બહુ સારો આવકાર આપેલો છે. પહેલાં ૩ પુસ્તકો તો આજે મળતાં પણ નથી. અમારા છેલ્લા પુસ્તક "અમારી વાર્તાઓ"ને બહાર પડયે હજુ ભાગ્યે જ પુરા પાંચ માસ થયા છે છતાં તેનો લગભગ પોણો ઉપર ભાગ ઉપડી ગયો છે. આશા છે કે આ ચોપડીને પણ એવો જ આવકાર મળશે.

આ પુસ્તકમાં "બાલજીવન" માસિકમાં આવી ગયેલી નાની મોટી વાર્તાઓનો સંગ્રહ કર્યો છે.

બાલકોના હ્રદયને ઉન્નત અને ઉજ્વલ બનાવે, અને તેમના નિર્મળ નિર્દોષ જીવનમાં રસિકતા આણી તેમને ઉન્નતિને પંથે ચડવામાં મદદ કરે એવી જાતની વાર્તાઓ બાલકો સમક્ષ રજુ કરવી ઇષ્ટ છે,–પછી તે અદ્‌ભુત વાર્તા, દંતકથા, જીન પરીઓની વાર્તા, કલ્પિત વાર્તા કે સાચી વાર્તા હોય. જે જાતની વાર્તાઓ આ સંગ્રહમાં છે તે જાતની વાર્તાઓ બાલકોને બહુ જ ગમે છે એવો અનુભવ લાંબા વખતથી થયો છે; અને તેથી આ વાર્તાઓ બાલકોને અવશ્ય પસંદ પડશે જ એમ આશા છે.

બાલ સાહિત્ય બની શકે ત્યાંસુધી સચિત્ર અને દેખાવડું હોવું જોઇએ. યથાશક્તિ આ સંગ્રહને સચિત્ર કરવાને પ્રયત્ન કર્યો છે. જોઇએ એટલી દેખાવડી ચોપડી થઇ નથી શકી એ જાણબહાર નથી. હવેનાં પુસ્તકોમાં તે માટે વિશેષ કાળજી રાખવામાં આવશે. કિમ્મત ઓછી રાખવા પ્રયત્ન કર્યો છે. ચિત્રોની અંદર હમેશાં ખર્ચ વધારે થાય છે એટલે ચિત્ર વગરનાં પુસ્તકની કિમ્મતની સરખામણીમાં આ પુસ્તકની કિમ્મત વધારે નહિ જ પડે એમ આશા છે.

જે બ્હેનો અને ભાઈઓની વાર્તાઓ આ સંગ્રહમાં છે તે તમામનો અંતઃકરણપૂર્વક આભાર માનું છું.

:મુંબઇ:
અક્ષયતૃતીયા, ૧૯૮૧ } રમણલાલ નાનાલાલ શાહ

આ પુસ્તકની વાતો

તીસમારખાં

એક જુના લશ્કરી ખાનદાનના સાહેબજાદા કબીલાની રહી સહી મિલ્કતપર ગુજારો કરતા હતા. બેઠા બેઠા તો ભર્યા ભંડાર પણ ખુટી જાય. મીયાં સાહેબ વળી નસીબના તેજ; એટલે પૂરા બચરવાળ હતા. ઘરમાં લઠ કુસ્તી કરે પણ બહાર મીયાં મુછ પર લીંબુ ઠરે એવો રૂવાબ રાખતા હતા. એક રાત્રે બીબીએ મીયાંને ઉધડા લીધા. "મીયાં, આમ બેઠે બેઠે જીંદગી કેમ જશે? કાલે સવારે છોકરાં થઇ આવશે. એમને પરણાવવાં પસતાવવાં પડશે. કંઇ વિચાર છે! નોકરી ચાકરી શોધી કહાડો. મારાથી કંઇ બહાર જવાય છે? નહિં તો તમે ઘર સંભાળો અને હું ધંધો કરૂં.' ભાષણ લાંબું ચાલ્યું, અને છેવટે મીયાંની બોબડી બંધ થઇ. મીયાંએ સવારે 'વ્હાણુ' કમાવા જવા કબુલ્યું. ધર્મના કામમાં વળી ઢીલ શી? બીબીએ કહ્યું, "લો, ચાલો, અત્યારે જ ભાથું કરી આપું. સવાર વ્હેલી થાય."



બીબી તો ઉઠયાં અને ઝટપટ ઢેબરાં કરી નાંખ્યાં. મીયાંને પાછલી રાતના જગાડી, ત્રીસ ઢેબરાં બંધાવી, રવાના કર્યા.

મળસ્કે બીબી દળણું દળવા બેઠાં, એવામાં ઘરની બિલાડી પાસે આવી પજવવા લાગી. બીબીએ એક તો ઉજાગરો કર્યો હતો; અને મીયાં સાથે ધુંધવાચલાં હતાં, એટલે બિલાડીના

ગેલથી કંટાળ્યા. ઉઠીને મીયાંનાં ઢબરાંમાંથી થોડાં છોકરાં માટે રાખ્યા હતાં તેમાંથી એક કડકો લઈ બિલાડીને નાંખ્યો. બિલ્લી ખાતાંવેર અમળાઈ પડી, અને પગ ઘસી, સ્વધામ પ્હોચી ગઇ. બીબી મીયાં માટે ગભરાયાં, અને હળણું જ્યાંનું ત્યાં છોઠી મીયાંની શોધમાં નીકળી પડયાં.

ગામનું પાદર મૂકી તરત જ ઝાડી શરૂ થતી હતી. મીયાંની ઉંઘ અધુરી રહેલી, અને મૂળે જ એદ્દી, એટલે રસ્તાની બાજુમાં કુવો અને ઝાડની ઘટા હતી, ત્યાં પોટલી ઓશિકે મૂકી પોઢી ગયા, અને જોત જોતામાં ઘસઘસાટ ઉંઘી ગયા.

બીબી તો ગભરાયલાં ઝાડીમાં રસ્તે સુંસરાં નીકળી ગયાં. જરા આગળ ગયાં એટલે ધાડપાડુઓના એક ટોળાએ તેમને રોકયાં. જડતીમાં કંઇ નીકળ્યું તો નહિ; છતાં સ્ત્રીને માયા સાથે કાયાનો પણ ભય, એટલે લુંટારૂઓ તેમને જકડી પકડી થોડે દૂર પોતાના રહેઠાણે મુકી આવ્યા.

દરમ્યાન, મીયાં સુતા હતા ત્યાં ઝાડઉપર એક વાંદરો પોતે બેઠો હતો તે ડાળ તેણે ખુબ હલાવ્યું. મીયાં ઝબકી જાગ્યા. ઉપર જોતાં કંઈ દેખાયું નહિં. એટલે કંઇ બલા હશે એમ સમજી મીયાં તો બચકી લઇ ઉભી પૂંછડીએ નાસવા લાગ્યા.

બ્હારવટીઆઓનો એક શિકાર ખાલી ગયો, એટલે બીજાની શોધમાં તેઓ ફરી નીકળ્યા. મીયાંનું નાસવું અને ડાકુઓનું ત્યાં આવી પ્હોંચવું, કાગનું બેસવું અને ડાળનું ભાગવું, એ ન્યાયે બન્યું. બેઉ બ્હેમાયા. મીયાં બેવડી ઝડપે દોડયા, અને લુંટારા પણ ફરી નાઉમેદ ન થવાય માટે દડબદડ દોડયા મીયાં પકડાઈ ગયા. જરા હલકા ભારે થયા, પણ હોય શું કે નીકળે! છેવટે, ફેરો ફોગટ ન જાય માટે ચોરોએ ભાથાની પોટલી પણ ખેંચી લીધી. દોડી દોડી ભુખ પણ ઠીક લાગી હતી, એટલે ઢબરાં પણ પકવાન્નની તોલે ગણ્યા. ડાકુઓ ત્રીસ અને ઢબરાંયે ત્રીસ. બ્હેંચણી બરાબર થઈ. મીયાં ઉપર ચીડાયલા ડાકુઓ મીયાંને બતાવી

બતાવી ઢેબરાં ખાવા લાગ્યા. હજી તો આઇ પરવાર્યાં ન્હોતા, એટલામાં જ ડાકુઓ અમળાવા લાગ્યા; કેટલાક પાણી માગવા લાગ્યા, કેટલાક ઉલટી કરવા લાગ્યા, અને કેટલાક બેહોશ થઇ જમીન પર ગબડયા. થોડી વારમાં અંક સમાપ્ત થયો; અને તેમના જીવનનો પડદો પડયો.

મીયાં જાણે નવે અવતાર આવ્યા. તેમણે મુએલા ડાકુઓ-માંથી કોઇની બંદુક, તો કોઇનો પટ્ટો, તો કોઇનો જમૈયો તફ-ડાવી, પોતે 'સમશેરખાં' બન્યા. પછી પોતાની કંઇ નિશાની મૂકવા, જમૈયા વડે બધા ડાકુનાં નાક કાપી લીધાં, અને જાણે પોતે વાઘ માર્યો હોય તેમ તેડાઇમાં આગળ કુચ કરી.

જરા આગળ જતાં કોઇનો રડવાનો અવાજ સાંભળ્યો. ખાન સાહેબને નવું પાણી (Chivalry) ચઢ્યું હતું, એટલે રડનારની વ્હારે ધાયા. અવાજની દિશામાં જતાં એક બંધ મકાનમાંથી રૂદન સંભળાયું; વળી, અવાજ કોઇ બૈરીનો લાગ્યો. મીયાંએ ચણિયારૂં ઉતારી બારણું ઉઘાડયું. બીબી તો મીયાંને જોતાં ગાંડાં ઘેલાં થઇ મીયાં ભણી દોડયાં. મીયાં ગભરાયા કે કોઇ ચુડેલ છે! ઘરની બીબી અહિં કયાંથી! એટલે મીયાં તો ઉભી પૂંછડીએ ભાગ્યા! મીયાં બીબીની જાણે શરત થઇ! બીબી ગમે તેટલી બુમ પાડે પણ પાછું વળી જુવે કોણ! છેવટે બીબી પાછળ રહી ગયાં, અને મીયાં નજરપાર થઇ ગયા.

મીયાં તો ગામ આવ્યું ત્યારે દોડતા થંભ્યા, ત્યાં એક ન્હાના નવાબનું રાજ્ય હતું. મીયાં નોકરીની ઉમેદે કચેરી ભણી વળ્યા. દરબારમાં ડાકુઓ માર્યા ગયાની ચર્ચા ચાલી રહી હતી. મારનારની બહાદુરીનાં વખાણ થતાં હતાં. મીયાં તો મનમાં ને મનમાં ખુબ ફુલાયા. નવાબ સાહેબે દાંડી પીટાવી હતી કે ડાકુઓના મારનારને ભારે ઇનામ મળશે. તેથી ઘણા 'જંગ બહાદુરો' ભેગા થયા હતા. 'મેરે જયસા બહાદર ઔર કૌન હય;' 'જાવ, જાવ, મીયાં! તુમને કભી ચુવા ભી મારા થા!'

એમ અંદર અંદર ટપાટપી ચાલતી હતી. એટલામાં નેકી પોકારાઇ, અને નવાબ સાહેબ પધાર્યા. ઈનામના ઉમેદવારો રજુ થયા. નવાબ સાહેબે બધાની હકીકત સાંભળી, ખાત્રીમાં કંઇ નિશાની માંગી. ઉટંગ ઉમેદવારો ભોંઠા પડયા. આપણા મીયાં સાહેબે જોયું કે તક બહુ મઝાની છે. પોતાનો સિતારો બુલન્દ લાગ્યો. જરા આગળ આવી, કુરનસ બજાવી, અરજ કરી, 'હુઝુરેવાલા, ડાકુઓંકો મારનેવાલા બંદા ખિદમતમેં હાઝિર હય; ઔર નિશાની ભી મોજૂદ હય.' એમ કહી, પોટલીમાંથી ત્રીસ નાક કહાડી આગળ ધર્યાં. નવાબ સાહેબ અને દરબારીઓ જોઇ રહ્યા. મીયાંની વાહ વાહ થઇ. પણ ડાહ્યા દીવાને શંકા ઉઠાવી. 'બીજા કોઇએ માર્યા હોય અથવા ગમે તે રીતે મરી ગયા હોય, અને મીયાં પાછળથી આવી નાક કાપી લાવ્યા હોય તો!' નવાબોને કાન હોય છે, સાન હોતી નથી. નવાબ દીવાનની ગાલ્લીમાં બેસી ગયા. મીયાં સાહેબ સાક્ષી ક્યાંથી લાવે? એટલામાં, મીયાંના નસીબે યારી કરી. બીબી મીયાંને ઢુંઢતાં ઢુંઢતાં કચેરી તરફ આવ્યાં હતાં. એક ખુણામાં કોઇ જુએ નહિં તેમ લપાઇ મીયાંને ખોળતાં હતાં. તક વિચારી, બીબી બોલી ઉઠયાં, 'સાક્ષી હું છુ.' દીવાને નજર દોડાવી, અવાજ પરથી તપાસ કરી, બીબીને બહાર કહાડયાં. સૌની ખાત્રી થઇ, પણ બીબી ચાલાક એટલે મીયાનું ઓળખાણ ત્યાં તો ન આપ્યું.

મીયાંને શાબાશી મળી, ઈનામ પણ મળ્યું, અને, વિશેષમાં, " તીસ-માર-ખાં " નો ઇલકાબ મળ્યો.

મીયાં-બીબી ખુદા પાકના લાખ લાખ શુકર બજાવતાં ઘેર ગયાં; અને અમન ચમનમાં મોજ કરી.



ઉસ્તાદજી લંબકર્ણ

કભા કુંભારના લંબકર્ણજી ગધેડા હતા. ઘરડા થયા કે કુંભારે હરેડા મુકયા. ડીફાં ખાઇને તેમની પીઠ રંગાઈ એટલે શહેરમાં જઇ કાંઇ ધંધો કરવા વિચાર કર્યો. સંગીતશાસ્ત્ર એમના જ બાપનું! 'ના હું તો ગાઇશ' વાળા નામદાર એમના જ પિતરાઇ! લંબકર્ણજીની સ્વારી વળી વડોદરા તરફ.

રસ્તામાં મળ્યો એક કૂતરો. જમ્બુ કુતરો પૂછે–'કયાં જાઓ છો?' લંબકર્ણ કહે, 'વડોદરે. આપણે ત્યા જઇને ઉસ્તાદજી થવું છે. ધંધા વગર શાન્તિ નથી.' કૂતરો કહે 'હું આવું?' લંબકર્ણ કહે 'ચાલને ભાઇ; એકથી ભલા બે. તું એ કયાં ઓછો છો? મૌલાબક્ષ ત્હારા આગળ ખાંડ ખાય! 'કુતરો કહે. ચાલો ત્યારે' ગામડાંનાં માણસથી હુંયે કંટાળ્યો. આખો જન્મારો નીમકહલાલીથી સેવા કરીને ઘરડે ઘડપણ–જવા દોને વાત!

બેઉ જણ જતા હતા ત્યાં બીલાડી મળી. બીલાડી કહે 'કયાં જાઓ છો?' બેઉ કહે, 'વડોદરે.' 'હું આવું'?' 'ચાલને બાઇ, બેથી ભલાં ત્રણ. તારો રાગ પણ કયાં ઓછો છે? ઝીણો ને મીઠો મધ જેવો.' બીલ્લીબાઇ પણ સાથે થયાં.



એટલામાં કૂકડો મળ્યો. તે પછે, 'કયાં ચાલ્યા?' સૌ કહે,

વડોદરે. 'હું આવું ?' 'ચાલને ભાઇ, ત્રણથી ભલા ચાર. તું યે ક્યાં ઓછો સંગીતશાસ્ત્રવિશારદ છો ?'

ચારે જણ વડોદરાને માર્ગે ચાલ્યાં. જતાં જતાં રાત પડી. એક ઝાડ નીચે બધાયે રાતવાસો રહેવાનું ઠરાવ્યું. લંબકર્ણજી નીચે સૂતા, કુતરાભાઇ એક બાજુ પડયા. બીલાડી બખોલમાં પેઠી અને કૂકડા ભાઇ ઝાડે ચઢયા. ઉંચી ડાળી પર ચઢીને તેણે જોયું તો દૂર એક ઠેકાણે દીવો બળતો જણાયો.

ચારેએ મળી વિચાર કર્યો કે આ કરતાં તે ભલું. ચાલોને ત્યાં. સૌ ત્યાં ગયાં. રાત અંધારી હતી પણ ઘરમાં દીવો બળતો હતો. દીવાના તેજમાં ગધેડા ભાઇએ જોયું તો ચાર ચોર લ્હેરથી જમતા હતા. જંગલમાં બ્હાર પડી રહેવા કરતાં અંદર રહેવા મળે તો મઝા પડે એમ ધારી સૌએ એક યુક્તિ કરી. લંબકર્ણજી ઉપર જમ્બુ ચઢયો. તેના ઉપર બીલ્લીબાઇ ને ટોચે કૂકડો! કાચની બારીપાસે જઇ ચારેએ પોતાનું સંગીત શરૂ કર્યું અને ઘરપર હલ્લો કર્યો ખણુણુ કરીને કાચ ભાગ્યો અને 'કવાક' કરતો કૂકડો, 'મ્યાઉં' કરતી બીલ્લી, ને 'વ્હાઉ વ્હાઉ' કરતો જમ્બુ અંદર કૂદ્યાં.

ચોર સ્હમજ્યા કે આ કોઇ ભયંકર રાક્ષસ આવ્યો! એટલે તેઓ મૂઠીઓ વાળીને દોડયા. લંબકર્ણજી અંદર ગયા ને બધાયે ખુબ મોજ મારી. મોડી રાતે દીવાબત્તી બંધ કરી ચારે સુઇ ગયાં. કૂકડો સૂતો માળીએ, બીલાડી સૂતી રસોડામાં, જમ્બુ સૂતો આંગણામાં ને લંબકર્ણજી સૂતા ઓરડામાં.

મોડી રાતે દિવો હોલવાયલો જોઈ ચાર ચોરમાંનો એકજણ ધીરે રહીને ઘરમાં પેઠો. ધીરે રહીને રસોડામાં જઇ કાંડી શોધી કાઢી; ને બિલાડીની આંખોને દેવતા ધારી તેમાં કાંડી ચાંપવા ગયો. ત્યાં તો બિલાડીએ કુદીને તેને ન્હોર માર્યો. કૂકડો ઉઠયો ને તેનું પાઘડું ખેંચ્યું. ચોર ગભરાયો ને નાઠો. આંગણામાં જમ્બુ એને પગે કરડયો. મુઠીઓ વાળીને ચોર નાઠો. નાસતાંયે તેને ભોંય ભારે પડી.

પેલા ચારે જણને એ ઘર પસંદ પડી ગયું અને હજીયે તેઓ ત્યાં જ રહે છે ને મઝા કરે છે. તેમના સંગીતના જલસા મ્હેં તો ઘણીવાર સાંભળ્યા છે. ત્હમારે આવવું છે? લંબકર્ણજીએ ત્હમને પણ નોતરૂં આપવાનું મ્હને ખાસ ભાર દઇને કહ્યું છે.



મુછ અને ભમ્મરને એક દિવસ ખૂબ તકરાર થઇ. મુછ કહે કે હું ચઢું. ભમ્મર કહે મારી આગળ તું કાંઇ વિસાતમાં નથી. વાત ખૂબ વધી ગઇ. બન્ને પોતપોતાની બડાઈ હાંકવા લાગ્યાં.

મુછ—હું તારા કરતાં મોટી છું. પુરૂષોના મ્હોંની હું શોભા વધારૂં છું.

ભમ્મર—હું કાંઇ કમ છું ત્યારે! તું મ્હોંની શોભા વધારે છે ને હું ઘટાડું છું? હું તો સ્ત્રી અને પુરૂષ બન્નેના ચ્હેરાની શોભા છું.

મુછ—જોતી નથી કે હું પુરૂષોના મ્હોં ઉપર છું?

ભમ્મર—તું મ્હોં ઉપર છું તો હું આંખ ઉપર છું.

મુ.—લોકો મને કેટલા ચહાય છે! મારા ઉપર ઉંચું તેલ અને સુગંધી અત્તર છાંટે છે. તને તો કડવું તેલ પણ કોઇ નથી ચોપડતું.

ભમ્મર—એ તો ઠીક. અસ્ત્રાવતી તને કેટલા ઉતારી નાંખે છે તેની વાત કરની?

મુછ—ગાંડી રે ગાંડી. તારામાં અક્કલનો છાંટો જ ક્યાં છે! નકામી બડાઈ શા માટે મારે છે? તને એટલું પણ ભાન નથી કે મને ઉતારવી એ મારી ઉન્નતિનું ચિન્હ છે! ઝાડોની પણ કલમ જ કરાય છે.

આમ કેટલીક બોલાચાલી પછી બન્ને મારામારી કરવાની હદ સુધી આવી પહોંચ્યાં. પરંતુ નાકે વચ્ચે પડી તેમને ટાઢાં પાડયાં ન કહ્યું કે તમે બન્ને પોતાની રીતે ઉપયોગી છો. બન્નેની જરૂર છે. ફોગટનાં વઢી મરશો નહિં.

કુસંપનાં કડવાં ફળ

ગંગા નદીને કિનારે ગાઢ જંગલમાં બે ખુબ માતેલા બળદ રહેતા હતા. એકનું નામ લંબપુંછ અને બીજાનું નામ લંબકાન.

માતામાતા થઇ રાત્રે રાનમાં પણ તેઓ રખડે. જાણે જંગલના રાજા તેઓ જ હોયની! ભેગા થઇ કોઇ વાર તો શીંગડા મારી વાઘને પણ નસાડતા! જંગલમાં પોતાની સત્તાની સામે થનારા આ બળદોને સજા કરવાનો વાઘભાઇએ વિચાર કર્યો.

એમને ઠાર મારવાની વાતમાં લુચ્ચા શિયાળને ભેળવવાની મતલબથી વાઘભાઇ, શિયાળ પાસે ગયા વાઘભાઇની વાત સાંભળી માંસ ખાવાની લાલચે શિયાળના મોંમાં પાણી છુટયું!

શિયાળે તો તુરત વાઘભાઇની પીઠ થાબડી. લંબપૂંછ અને લંબકાનની દોસ્તી તૂટે તો કંઇ કામ થાય. સંપ હશે ત્યાં સુધી કંઇ વળવાનું નહિ. માટે વાઘભાઇની વાતને ટેકો આપી શિયાળ લંબપુંછ અને લંબકાન જ્યાં ઘાસ ચરતા હતા ત્યાં જઇ પહોંચ્યું. લંબપુંછની પાસે જઇ તેના કાનમાં શિયાળે વાત કરવા માંડી. 'ભાઇ! તું દિલનો ઉદાર છે. મનનો તો મોટો મહાસાગર છે. પણ આ લંબકાન જયારે ત્યારે તારી લીલી ઘાસ આવીને બગાડી નાંખે છે! અને તારી સામું જોઇને ડોળા કાઢી તારી અદેખાઈ કરે છે! માટે સારો રસ્તો એ છે કે લંબકાનથી હમેશાં જુદા થઇને નવી જગ્યાએ કાલથી તારે ચરવા જવું. બસ! એ નવી જગ્યાનું રાજ્ય તું એકલો જ કરે. શું તને લંબકાનની કંઇ શરમ આડે છે? તું કાંઇ ઓશીયાળો છે?'

શિયાળની વાત સાંભળી લંબપુંછના કાનમાં ઝેર રેડાયું. ગમે તેમ પણ લંબકાનથી જુદે જ ઠેકાણે ચરવામાં તેણે સુખ દીઠું; પણ આ સુખ તે દુઃખ નીવડયું. બે બળદોની ભાઇબંધી તુટી, એટલે વાઘભાઈની બીક પણ મટી. શિયાળના ધારવા પ્રમાણે વાઘભાઇએ પહેલી તરાપ લંબકાન ઉપર મારી, તેનો ખુરદો કર્યો. પછીથી લંબપુંછનો વારો આવ્યો. તેનું પણ મરણ થયું. આમ એકમેકનામાં કુસંપ કરાવી, શિયાળ જીતી ગયું; અને ભોળા ભાઇસમા બે બળદો, પારકી જાતના શિયાળના કહેવામાં ભરોંસો મૂકયો, તો બુરે હાલે મરણ પામ્યા! કહો ત્યારે, 'સંપ ત્યા જંપ!'



મીનકેતુ અને મીનાક્ષી

એક હતો રાજા અને એક હતી રાણી. તેમને છૈયું છોકરૂં કાંઇ નહોતું. પોતાને એકાદ છોકરૂં થાય એવી તેઓ રોજ ભગવાનની પ્રાર્થના કરતાં.

એક દિવસે મહેલમાં માછીમારોએ પુષ્કળ માછલાં આણ્યાં. એ માછલામાં એક માછલું જીવતું રહી ગયેલું હતું. રાણીએ રમતમાં તેને એક પાણીના વાસણમાં મૂક્યું. પછી તો જોઇ લો માછલાની કુદાકુદ ! તે એવું તો રૂપાળું અને મસ્તીખોર હતું કે રાણીને તે બહુ જ ગમી ગયું. રાણીને છૈયુંછોકરૂં તો કાંઈ હતું જ નહિ; એટલે એ માછલા પર તેને પેટના દિકરાના જેવું વ્હાલ ઉપજ્યું અને તેને ઉછેરવા લાગી. લોકોએ માછલાનું નામ મીનકેતુ પાડયું. રાણીને તો તે આંખની કીકીસમાન વ્હાલું થઇ પડયું. તે તો તેને ખૂબ રમાડતી અને ખૂબ લડાવતી.

દહાડે દહાડે માછલું તો એવડું મોટું થવા લાગ્યું કે નાના વાસણમાં તો ભાઇ સાહેબ સમાય જ નહિ ! એટલે રાણીએ તેને એક મોટા વાસણમાં મૂક્યું. ત્યાં પણ તે બહુ મોટું થઇ ગયું એટલે રાણીએ કાઢીને એક મોટી પીપમાં પાણી ભરી તેમાં તેને રાખ્યું. પણ માછલાભાઈ તો એવા વધે, એવા વધે, કે જાણે પાણીમાં ચણો વધે ! થોડા દહાડામાં તો પીપ પણ તેને માટે નાની પડી. રાણીએ મહેલના બગીચામાં એક નાનકડું મજાનું તળાવ તૈયાર કરાવ્યું ને તેના કંચન સરખા નિર્મળા પાણીમાં મીનકેતુને રમતું મૂક્યું. રાણી રોજ તળાવમાં જાય અને માછલાને રમાડે. સારો સ્વાદિષ્ટ ભાત

કરીને તેને જમાડે; મમરા ખવરાવે; ધાણી ખવરાવે; ઘઉંના લોટની ગોળીઓ કરીને ખવરાવે; ને ખૂબ મઝા કરે.

એક દહાડો રાણી મીનકેતુને રમાડવા આવી ત્યારે મીનકેતુ કહે, "રાણીજી, અહીં બહુ મઝા છે, પણ એકલાં એકલાં તે મારો દહાડો કેમ જાય? મારે માટે તમે એક વહુ ન લાવી દો?"

રાણી કહે, "ઓહો! એમાં તે શું મોટી વાત? તને રૂપાળી રતનજેવી વહુ લાવી દઉં."

રાણીએ તો ચારે બાજુ નોકર ચાકરો દોડાવ્યા અને વહુને માટે તપાસ કરાવી. પણ રાણીનું ગમે તેટલું માનીતું પણ આખર કરે ને તો માછલું જ કની? તેને તે કોણ પોતાની દિકરી દે? કોઇએ પણ તેને કન્યા ન આપી.

રાણી તો મુંઝાણી. પણ એમ એ હારી ખાય એવી ઓછી જ હતી! સોના રૂપાના થેલા ને થેલા આપવાની લાલચ આપીને તેણે પોતાના દત્તક દિકરામાટે કન્યાની શોધ ફરીથી શરૂ કરાવી.

દૂર દેશાવરમાં એક બ્રાહ્મણ રહેતો હતો. તેની પહેલી વારની બૈરી મરી ગયેલી હતી અને બીજી વારનો તે પરણેલો હતો. પહેલી બૈરીની એક રૂપાળી રતન જેવી કન્યા તેને હતી. નવી બૈરીને એ છોકરી આંખમાં પડેલી કણીની માફક ખુંચતી. પુષ્કળ ધનની લાલચે એ લોભી સ્ત્રીએ તે સાવકી દિકરી મીનકેતુ સાથે પરણાવવાની હા પાડી અને તે છોકરીને ત્યાં મોકલી દીધી.

છોકરીનું નામ હતું મીનાક્ષી. માછલાને પરણવાની વાત સાંભળીને તેના દુઃખનો તો સુમાર ન રહ્યો. રસ્તામાં એક નદીના કિનારે બધાંએ મુકામ કર્યો હતો, ત્યારે મીનાક્ષી છાતીફાટ રડવા લાગી. તેના રડવાના અવાજથી નજીકના દરમાં રહેતો એક મોટો સાત ફણાવાળો કાળો નાગ ત્યાં આવ્યો. મીનાક્ષીની હકીકત સાંભળી તે બોલ્યો—"બેટા, ગભરાઇશ નહિ. આ આઠ-

ળીયુ તને આપુ છું તે લે. જ્યારે તારો વર પરણ્યા પછી તારી પાસે આવે ત્યારે આ માદળીયું તેનાઉપર ફેંકજે, એટલે તે માણસ બની જશે. તે કાંઇ ખરેખરો માછલો નથી; પણ એક અપ્સરાએ તેના અપરાધને લીધે શ્રાપ આપી તેને માછલો બનાવ્યો છે. જા બેટા ! મારો આશીર્વાદ છે, કે તું સુખી થઇશ."

મીનાક્ષી તો માદળીયું લઇ રાણીના નોકરો સાથે ગઇ.

મીનાક્ષીને જોઇને રાણીનો હરખ તો માય નહિ. એવી રૂપ રૂપની પૂતળી જોઇ કોને આનંદ ન થાય ? તળાવની પાળે પાણીને અડતી એક નાનકડી ઓરડી રાણીએ કરાવી હતી, અને તેને હીરા મોતી માણેક રત્નો તથા બીજા કિમ્મતી રાચરચીલાથી સારી રીતે શણગારી હતી. મીનાક્ષીને એક છાબડીમાં બેસાડીને તે ઓરડીમાં મોકલી. પછી માછલું ઓરડી નજીક ઉભું રહ્યું. રાજમહેલમાંથી રાજગોર આવ્યો. તેણે વરકન્યાનો હસ્તમેળાપ કરાવ્યો. મીનકેતુ અને મીનાક્ષીનાં લગન થયાં. માછલું માણસની છોકરી સાથે પરણ્યું ! રાણી તો ખુશી થતી જાય અને આમતેમ ફરતી જાય. ગરિબો, બ્રાહ્મણો, ભાટ-ચારણો, દાસ, દાસીઓ, એ તમામને રાણીએ દાન આપ્યાં. રાજમહેલમાં મોટી જાફ્ત ઉડી. ચારે બાજુ ધામધુમ મચી રહી.

રાત પડી. બધાં સુઇ ગયાં. તળાવની પાળે પોતાની ઓરડીમાં મીનાક્ષી ગભરાવા લાગી. હવે માછલું શું કરશે ? તેને ખાઇ જશે તો ? નાગદેવતાનું માદળીયું સાચું નિવડશે ? એમ ને એમ ચિંતામાં મીનાક્ષી બેઠી હતી, ત્યાં પાણીમાં ખળભળાટ થયો, અને મીનકેતુ ઓરડીની નજીક આવતો દેખાયો. મીનાક્ષીએ ભગવાનનું નામ લઇને તરત જ પેલું નાગદેવતાનું માદળીયું મીનકેતુ ઉપર ફેંક્યું; અને હવે શું થશે એ કારમા વિચારમાં આંખો મીંચી દીધી.

અને ખરેખર જ ત્યાં મોટો ચમત્કાર થયો. મીનાક્ષીએ થોડી વાર પછી આંખ ઉઘાડી, તો માછલું ત્યાં મળે

જ નહિ. તેની જગ્યાએ પોતાના ખંડમાં એક ખુબસુરત રૂપાળો જુવાન રાજકુમાર હસતો હસતો મીનાક્ષી તરફ ખુશમિજાજથી જોતો ઉભો હતો. મીનાક્ષીના સુખની તો હવે સીમા જ ન રહી. બન્ને જણાં ખુબ વાતોએ વળગ્યાં.



બીજે દિવસે સવારે રાણીને અને શહેરના તમામ લોકને ખબર પડી ગઇ કે માછલું તો ખરેખર એક રાજકુમાર હતો; અને મીનાક્ષીનું તો નશીબ જ ઉઘડી ગયું હતું. રાણી તો પોતાના દિકરાને વ્હાલથી ભેટી પડી, વરવહુનાં ઓવારણાં લીધાં; અને રાજમહેલમાં એક વિશાળ ખંડમાં તેમને રહેવાની ગોઠવણ તેણે કરી આપી.

મીનકેતુ અને મીનાક્ષી મોજમાં રહે છે, ખાય છે, પીએ છે અને મઝા કરે છે. મીનાક્ષીની સાવકી માએ જ્યારે આ વાત જાણી, ત્યારે તે મીનાક્ષીને મળવા આવી. મીનાક્ષી ભોળી અને ભલી હતી. વેર ઝેરમાં તો તે સમજતી જ નહોતી. તેણે તો પોતાની સાવકી માને હરખથી આવકાર આપ્યો, પુષ્કળ ધન આપ્યું, વસ્ત્રો આપ્યાં; ઘરેણાં આપ્યાં; અને તેની સાથે હળી મળીને રહેવા લાગી.

એમને એમ બહુ દહાડા વહી ગયા. મીનાક્ષીને પોતાના બાપને મળવાની બહુ હોંશ હતી. મીનકેતુને તેણે એ વાત કરી.

મીનકેતુ દિલગીર થયો. પોતાની વ્હાલી રાણીવગર તેને કેમ ગમે ? પણ ના પણ કેમ કેહેવાય ? તેણે કચવાતે મને રજા આપી પણ મીનાક્ષીને કરગરીને કહ્યું કે તુ વ્હેલી પાછી આવજે. મીનાક્ષીને પણ ક્યાં વધારે દહાડા રહેવું હતું ? તેણે ખુશીથી હા પાડી અને ગઇ.


મીનાક્ષીને જોઇને તેનો બાપ બહુ ખુશી થયો. બાપ દિકરી એક બીજાને હેતથી ભેટયાં ને થોડાક દિવસ મીનાક્ષી ત્યાં રહી. પણ તેની સાવકી મા બહુ ભુંડી હતી મીનાક્ષીનું સુખ તેનાથી જોયું જાય એમ નહોતું. મીનાક્ષીથી સ્હેજ નાની એક કન્યા તેને હતી અને તે ગરીબ રહે અને મીનાક્ષી રાણી થાય એ તેનાથી કેમ સહ્યું જાય ? તેણે એક તરકટ રચ્યું. પોતાની સગી દિકરીને સમજાવીને તેણે મીનાક્ષીનો ઘાટ ઘડવાની ગોઠવણ કરી. તે છોકરી પણ માના જેવી જ ભુંડી હતી. તે મીનાક્ષીને ગામ બહાર નદીની પાળે લઈ ગઈ. વાતોમાં ને વાતોમાં તેણે મીનાક્ષીનાં બધાં ઘરેણાં જોવાને બ્હાને પ્હેરી લીધાં. પછી મીનાક્ષીને માર્યો ધક્કો ને નાંખી દીધી નદીનાં પાણીમાં ! બિચારી મીનાક્ષી વહેતાં પાણીમા તણાવા લાગી.

પણ જેને રામ રાખે તેને કોણ ચાખે ?

પાણીમાં પેલો સાત ફણાવાળો કાળો નાગ ફરતો હતો તેણે મીનાક્ષીને દીઠી. પોતાની ફેણો તેણે મીનાક્ષીના શરીરે વીંટો લીધી ને ફુલની જેમ તેને બહાર કાઢી પોતાના નદી કિનારાના એક મોટા દરમાં તે મીનાક્ષીને લઇ ગયો. નાગનું એ દર એટલે જાણે એક નાનકડો પાતાળપુરીનો મહેલ જ સમજી લેવો. હીરા, મોતી, માણેક, પરવાળાં, પન્ના, પોખરાજ, સોનું, રૂપું, મણી વીગેરેથી તે ઝગઝગ થાય. દોલતનો ત્યાં સુમાર જ ન મળે. ખાવા પીવાની તો ત્યાં બસ લીલાલ્હેર જ સમજવી. નાગ અને નાગણ તથા તેમનાં છોકરાંઓએ મીનાક્ષીને હેતભર્યો આવકાર આપ્યો. સંસાર વહેવારનાં ખરાબ મનવાળાં માણસોનાં જુલમથી હારી થાકી ને કંટાળી ગયેલી દુઃખી મીનાક્ષી ત્યાં રહી અને દિવસ પર દિવસ જવા લાગ્યા.

તમને એક વાત કહેવાની રહી ગઇ. તે એ કે મીનાક્ષી જ્યારે તેના બાપને પોતાના ધણીની રજા લઇ મળવા ગયેલી ત્યારે તે ભારેવગી (સગર્ભા) હતી. નાગને ત્યાં તેને ૧૦ માસ પુરા થયા એટલે રૂપરૂપના અંબાર જેવા અને બહુ જ તેજસ્વી એક રાજકુમારને જન્મ આપ્યો. તેનું નામ "કુમાર" પાડ્યું. એકલી અને પોતાના પતિવગર ઝુરતી મીનાક્ષીને હવે બહુ જ આનંદ થયો. કુમાર આખા ઘરનો લાડકો હતો. તે એવો તો રૂપ જો, હસમુખો ને મોજીલો હતો કે સઉ તેને બોલાવે, હસાવે, રમાડે, ગીતો ગાય અને મઝા કરે. હસતાં છોકરાં કોને ન ગમે ? રડતાં છોકરાંને તો કોઇ બોલાવે પણ નહિ.

પેલો નાગ તો બાળકને પોતાના શરિરપર સુવાડી પોતાની ફણા તેના ઉપર છત્રની માફક ધરે. કુમારને તો એવી મઝા પડે કે તે તો બસ એમ સુઇ જ રહે !



આ બાજુએ મીનાક્ષીની સાવકી માએ પોતાની સગી દિકરીને મીનાક્ષી જેવાં કપડાં ને દાગીના પહેરાવ્યાં અને તેને મીનકેતુની પાસે મોકલી. મીનાક્ષી જેવાં કપડાં ને દાગીના હતાં પણ મીનાક્ષીના જેવો નમ્ર ને માયાળુ સ્વભાવ, આંખ ઠારે એવું દેવતાઇ રૂપ અને સ્નેહ તે છોકરીમાં કયાંથી હોય ? એટલે રાજકુમારે તો તરત જ તરકટ પકડી કાઢયું ને તે છોકરીને કાઢી મૂકી. મીનાક્ષીની સાવકી માને આ બાબતની ખબર પડતાં તે તરત જ નાસી ગઇ. બીચારા

મીનકેતુને ખબર ન પડી કે મીનાક્ષી ક્યાં ગઇ હશે. તે એકલો ને એકલો ઝુરવા લાગ્યો ને દિલગીર રહેવા લાગ્યો.

નાગના ઘરમાં મીનાક્ષીનો કુમાર દહાડે દહાડે મોટો થવા લાગ્યો. અજવાળીઆમાં ચાંદાની કળા ખીલે તેમ કુમારનું રૂપ દિનપર દિન ખીલવા લાગ્યું. આમ બહુ દહાડા વહી ગયા એટલે મીનાક્ષીને પોતાને ઘેર જવાનું મન થયું. રાજકુમાર પોતાને માટે શું ધારતો હશે? તેને એકલાં કેમ ગમતું હશે? પોતાનો રાજકુમાર જોઇ તેને કેવી મઝા પડશે? એવી એવી બાબતોનો મીનાક્ષી રોજ વિચાર કરતી. પણ નાગે તેને કહ્યું કે બ્હેન! તારો વર જો તને શોધતો શોધતો અહીં આવશે, તો તને હું ખુશીથી મોકલીશ; પણ તે શિવાય તને દુ:ખી થવા કાજે હું જવા નહિ દઉં. તું બહુ જ રાંક ને ભોળી છે. સંસાર વ્હેવારનાં કુડ-કપટથી અજાણી છે. ધગધગતા ઉન્હાળાના તાપમાં જેમ કુમળું ફુલ કરમાઇ જાય તેમ તું એકલી દુ:ખી થઇશ. ભગવાન સૌ સારાં વાનાં કરશે. ધીરજ રાખ, ને કુમારને મોટો કર.

મીનાક્ષીએ નાગનું કહ્યું માન્યું; પણ તેના જીવને મીન-કેતુ વગર ગોઠતું નહોતું.

એક દિવસ નાગના ઘર પાસે એક રમકડાવાળો ભાત ભાતનાં રમકડાં લઇને વેચવા આવ્યો. કુમારની મામણીથી મીનાક્ષીએ તેને પુષ્કળ રમકડાં રમવાને માટે લઈ દીધાં. પણ કુમાર તો તોફાની હતો! બીજે દિવસે બધાં રમકડાં તેણે ભાંગી તોડીને ફના મુકામ કરી નાખ્યાં ને જ્યારે રમકડાંવાળો ફરીથી આવ્યો ત્યારે તેની પાસેથી તેણે બીજાં રમકડાં લઈ આપવા પોતાની માને કહ્યું. નાગને ત્યાં ક્યાં પૈસાની ખોટ હતી જે કુમારને કોઇએ ના પાડે? કુમારને બીજાં રમકડાં મીનાક્ષીએ અપાવ્યાં. એમ રોજ કુમાર નવાં નવાં રમકડાં લે. રમકડાંવાળાને તો ખરો તડાકો પડવા માંડયો.

મીનકેતુએ પોતાની વ્હાલી રાણી માટે તપાસ કરવામાં જરાકે બાકી નહોતી રાખી. ગામેગામ ને શહેરેશહેર તેણે તપાસ કઢાવી પણ કાંઇ જ પત્તો ન મળ્યો. ઢંઢેરા પીટાવ્યા, મીનાક્ષીને શોધી લાવનાર માટે ઈનામો જાહેર કર્યાં પણ બધું નકામું નિવડ્યું. જંગલે જંગલ મીનકેતુ શિકાર કરવા જતો કે જેથી મીનાક્ષીની કાંઈ ભાળ મળી શકે. પણ તેની બધી મહેનત ફોકટ નિવડી.

આખરે એક દિવસ ઓચિંતો પેલો રમકડાંવાળો મીનકેતુને મળી ગયો. તેની સાથેની વાતચીત ઉપરથી મીનકેતુને તપાસ કરવાનું મન થયું ને તરત જ તે નાગના ઘરતરફ ગયો.

ત્યાં તેણે મીનાક્ષીને જોઇ. બન્ને મળ્યાં ને એક બીજાને ભેટયાં. ગરિબ મીનાક્ષી તો પોતાના પતિને મળવાથી આનંદને લીધે આંખમાંથી હરખનાં પુષ્કળ આંસુ સારવા લાગી. શરમાતાં શરમાતાં તેણે કુમારને મીનકેતુના હાથમાં મૂક્યો. કુમારને જોઇને મીનકેતુના હરખનો પાર જ ન રહ્યો. છેવટે નાગની રજા લઇ, તેને પગે લાગી, મીનકેતુ ને મીનાક્ષી કુમારને લઇને પોતાના મુકામે ગયાં. નાગે દુઃખી જીવે મીનાક્ષીને રજા આપી કારણ મીનાક્ષી ઉપર તેને બહુ જ વ્હાલ હતું. મીનાક્ષીએ પણ દુઃખી જીવે નાગની ને તેના કુટુંબની રજા લીધી. નાગે મીનાક્ષી અને કુમારને ધનના ઢગલા આપ્યા. દાગીનાના ડુંગર તેમની સાથે મોકલ્યા; ને આમ મીનાક્ષી લક્ષ્મીની લીલાલ્હેર ભોગવવા લાગી.

અને પછી તો મીનાક્ષી મીનકેતુ અને કુમારે ખાઇ પીને મોજ કરી; તે વગર બીજું શું કહેવાનું બાકી રહે છે? હવે તો "આંબે આવશે મ્હોર, [illegible]!"

દેશભક્ત દુર્ગાદાસ

[સ્ત્રી પાત્ર વગરનું નાટક]

નાંદી

બાળકો—ઓરુમ પૂર્ણ બ્રહ્મ પુરણ કામ,
વિશ્વના આરામ ધામ, લક્ષ્મીકાંત શ્રી ઘનશ્યામ,
જય લલામ, પુણ્ય નામ, સરલ શ્યામ, કરૂં પ્રણામ—ઓરુમ પૂર્ણ
આદ્ય, આપ, એક છો, શ્રી સૃષ્ટિને સુહાવનાર,
સૃજનહાર, વિલયકાર, શ્રી હરી! આપ તારનાર,
અધર્મને વિદારવા ને સંતને ઉદ્ધારવા,
ત્રિલોક સર્વ તારવા, થયા તમે જ પરશુરામ—ઓરુમ પૂર્ણ.

પ્રથમ બાલક—મિત્ર! આજે આ શાનો ઉત્સવ આરંભાય છે, અને આ સઘળો અનુપમ રંગરાગ શા કારણથી થાય છે?

બીજો બાળક:—સાંભળો.

દેશ બધો ભારત આ જ્યારે દુઃખ શોકથી ઘેરાયો,
અનાર્ય જન ને મ્લેચ્છ જનોનો પ્રલયાત્મક વાયુ વાયો,
ચાર દિશાથી ધર્મ ગયોને અધર્મ બહુ પ્રકટયો ભારે,
વીર રજપુતના વૃંદ બિરદથી ધીર થઈ જ ધસ્યા ત્યારે.
એ જ સમે મરૂભૂમિના પુત્રો થયા ઉભા નિજ ખડ્ગ લઇ,
ઔરંગઝેબતણી શુદ્ધ બુદ્ધિ શૌર્ય શક્તિ સહુ નષ્ટ થઇ,
તે સમયે નિજ સૈન્ય લઇને દુઃખ સહ્યાં બહુ પ્રતિ શ્વાસે,
સફળ કરી નિજ દેહ જગતમાં એ જ વીર દુર્ગાદાસે.

પ્રથમ બાલક—અહો ! એવા પુણ્ય પુરૂષને લાખો પ્રણામ હો ! ઔરંગઝેબની રાક્ષસી મહત્વાકાંક્ષાનો નાશ કરનાર એ મહારથીઓને હરનાં વંદન હો ! અભિનંદન હો !

સઘળાં બાલકો:—ધન્ય ધન્ય સાચા સ્વદેશકેરા સ્નેહને, (૨)
ધન્ય દેશપ્રેમીની પુણ્યવંત દેહને...ધન્ય....
ધર્મ અર્થ મોક્ષ સર્વ દેશમાં સમાય છે
એ જ પુનિત તીર્થમાં જે પ્રાણ આપી ન્હાય છે,
ન્હાય સદા મૃત્યુ દેશકાજ ધન્ય તેહને(૨)ધન્ય.

પ્રવેશ ૨ જો.

[સ્થળ:—દિલ્હીમાં ઔરંગઝેબ બાદશાહની કચેરી. દુર્ગાદાસ અને તેનો વીર બંધુ સમરસિંહ બન્ને બાદશાહના આવવાની રાહ જોઇ બેઠા છે, તેવામાં સાદા વેશમાં ઔરંગઝેબ આવે છે]

ઔરંગઝેબ (જરા હસીને)—અહો ! વીર દુર્ગાદાસ ! તમે જ પોતે અહીં આવવાનો શા માટે પરિશ્રમ લીધો વારૂ? તમારી એક પત્રિકાથી પણ મહારાજા શ્રી જશવંતસિંહનો સઘળો વૃત્તાંત મને મળી ગયો હોત !

દુર્ગાદાસ: (સ્વાગત) અહા ! બાદશાહ કેવો પાખંડી છે ! મેં મારા બંધુ અમરસિંહને જાતે જ સહુ વૃત્તાંત કહેવા મોકલી આપ્યો; છતાં પણ જેને સંતોષ ન થયો, તેને મારી પત્રિકાથી તે વળી શાંતિ મળી હોત ! (પ્રકટ) જહાંપનાહ ! આપ નામદારનું ફરમાન છે કે, જશવંતસિંહના યુવરાજને સાથે લઇ મારે જ આપના દરબારમાં ઉપસ્થિત થવું; તો પછી બાદશાહ સલામતની આજ્ઞાનો અનાદર શી રીતે કરી શકાય ?

ઔરંગઝેબ:—અરે હા ! એ વાતની તો મને વિસ્મૃતિ જ થઇ ગઇ દુર્ગાદાસ ! બહુ ભલે તમે મને એ યાદ દેવડાવ્યું. સરદાર ! કયાં છે એ તમારો બાલકુમાર ? ખરેખર દુર્ગાદાસ ! જશવંતસિંહ મારા પ્રિય મિત્ર હતા; અને તેમનું અકાળ

મૃત્યુ મને અતિશય શોક ઉપજાવે છે, પણ મારા આત્માની આંખોસમો તેનો બાલપુત્ર જીવંત છે એ જ મારાં અહો-ભાગ્ય છે.

દુર્ગાદાસઃ—મહારાજ! પ્રાતઃસ્મરણીય જશવંતસિંહનો પુત્ર રાજરાણી મહામાયાના ખોળામાં ઉછરે છે. તેની યોગ્ય ઉમ્મર થતાં જ તે તમારી આગળ ઉપસ્થિત થશે.

ઔરંગઝેબઃ—નહિ નહિ, દુર્ગાદાસ! ઔરંગઝેબના મિત્રનો પુત્ર રંક ઝુંપડીમાં પોતાનું આયુષ્ય ગાળે, એ વાત મને પણ શરમાવનારી છે. માટે સરદાર! એ બાલકને તમારે મારે સ્વાધીન કરવો જોઇએ. આ ભવ્ય મહાલયમાં વસવાને જ તે જન્મ્યો છે અને જીવશે.

દુર્ગાદાસઃ—પણ નામદાર! એ બાલક ઉપર આપનાથીએ મારવાડની પ્રજાનો વધારે અધિકાર છે, કારણ કે તે અમારો કીર્તિવંત સરદાર છે, અમારી સર્વોપરી સરકાર છે. એને લીધે જ અમારો આ સંસાર છે અને અમારી પ્રજા એ મહારા-જાનો જ પરિવાર છે.

ઔરંગઝેબઃ—દુર્ગાદાસ! પણ મારો નિશ્ચય કેવો નિશ્ચળ છે તે તમે નથી કયાં જાણતા? મેં એક વાર મારા મિત્રપુત્રને મારા મહાલયમાં રાખવાની પ્રતિજ્ઞા કરી; હવે શું હું તેને મિથ્યા કરૂં? જેનું વચન ત્રિકાળે પણ ફરે એવું નથી તે હવે પાછી પાની કરૂં? દુર્ગાદાસ! એ કદી પણ નહિ થાય તે નહિ થાય. બાલ કુમારને તમારે મારે કબજે આપવો જ પડશે!

દુર્ગાદાસ—(ક્રોધથી) નામદાર! એ તો બનવું અશકય જ છે. જ્યાં સુધી મારવાડી વીરોના દેહમાં પ્રાણ છે, આકાશમાં ભાણ છે, અને આ પૃથ્વિમાં પાષાણ છે ત્યાંસુધી અમારો નિશ્ચય એ જ અમારૂં નિર્વાણ છે.

(શેર)

પૃથ્વી ચળે નિજ ક્ષેત્રથી રવિબિંબ હુતાશનને તજે,
પુષ્પો તજી નિજ પ્રાણને દુર્ગંધને દિલથી ભજે,

વર્ષો વિદેશે જઇ વસે આકાશથી અગ્નિ ગળે,
પણ શબ્દ દુર્ગાદાસનો સંસારમાં તે ના ચળે.

(શેર)

ઔરંગઝેબ—ઉતરે ખુદા પૃથ્વી ઉપર જલ્લાદની જંજીરથી,
ડોલી ઉઠે દુનીયા બધી શયતાનની સમશીરથી,
આ ટેક ઔરંગઝેબનો ક્ષણુ એક પણ છુટે નહિ,
નિશ્ચય હૃદયનો એક તે ફુટે નહિ—તુટે નહિ.

(ગઝલ)

દુર્ગાદાસ—"સુતેલો કેસરી છેડી, ફણીધર નાગ છંછેડી,
વિપત્તિ હાથથી તેડી, બધે દવ કાં લગાડો છો ?
ઉભેલા વૃક્ષને પાડી, કરી વેરાન ઘર વાડી,
સુખોને દૂર સંતાડી, બધો ભવ કાં બગાડો છો ?
ફરી ચેતાવી અંગારા, વધારી પાપના ભારા,
ધડકતી દેશની ધારા, ફરીથી કાં જગાડો છો ?

ઔરંગઝેબઃ—બસ બસ દુર્ગાદાસ ! આ પ્રાણ નાશના સંગ્રામમાં પડતાં સંભાળજે–સંભાળજે ! ઔરંગઝેબ શું તને અહીંથી જીવતો છોડશે ? મારી આજ્ઞા જો અમાન્ય થઇ તો ધગધગતા લોહના ચીપીયા તારૂં માંસ તોડશે,—તને મૃત્યુના પંથમાં જોડશે.

દુર્ગાદાસઃ—ન હું આયુષ્યને ચ્હાતો, જીવન ધનમાં ન લોભાતો,
નથી કાયા કહી ચ્હાતો, તજી કર્તવ્ય હું મારૂં.
જડાવો બેડીઓ કરમાં, હળાહળ જો ભરો રગમાં,
જીવન ધાર્યું હવે જગમાં, નથી તે વ્યર્થ થાનારૂં.

ઔરંગઝેબઃ—ઔરંગઝેબના દરબારમાં અહીં દુર્ગાદાસ ! સત્તા છે, અને અહીં ભરેલી માલ મત્તા એ તમારી છે. ત્યારે અહીંનું અમૃત છોડી, વિષમાં દેહ જોડી દેવાનું શું પ્રયોજન છે ?

દુર્ગાદાસઃ—બાદશાહ ! ધર્મને અર્થે મૃત્યુ એ જ હિંદુઓનું મહા ધન છે,

ઔરંગઝેબઃ—ધર્મ ! હિંદુઓનો ધર્મ એ તો બાલકોના ઢોંગ છે. નાદાન શિશુઓના સોંગ છે. અરે કહો, કે મૂર્ખતાની પરિસીમા છે !

દુર્ગાદાસઃ—નથી જોયા મહાસાગર, જળાશય ના દીઠા મોટા,
છતાં કહે છે અધમ જન કે સમુદ્રો સર્વ પરપોટા !

* * * *

અંધો ન નીરખે સૂર્યને બ્હેરો સુણે ના વાંસળી,
જાણે મજીઠના રંગને કયાંથી કહો કાળી ગળી ?

ઔરંગઝેબઃ—દુર્ગાદાસ ! દુર્ગાદાસ ! ભાન છે તને આ શબ્દો તું કોની આગળ ઉચ્ચારે છે ? શું ઔરંગઝેબને સમશેરથી તેને ઘેર જ જેર કરવા ધારે છે ? અરે નરાધમ ! મૂર્ખાઈના ફાંફાં મારે છે,—અગ્નિ સાથે વિરોધ વધારે છે !

દુર્ગાદાસઃ—મૃત્યુને માટે જ જેમ કેસરી પારધીની પાસે જાય છે, તેવી જ બુદ્ધિ બાદશાહ ! તમને પણ થાય છે. મોગલ સલ્તનતનો અંત મને જલદી દેખાય છે.

ઔરંગઝેબઃ—હું જોઉં કેમ સમશેરે કરે છે જેર તું મુજને ?
હલે તલવારની શક્તિ ખચીત હું દાખવીશ તુંજને.

દુર્ગાદાસઃ—નથી ડર આ જીગરમાં કે નથી ભયથી હું થરથરતો,
ભલે આ દેહને કાપો અમર જીવ તે નથી મરતો.

ઔરંગઝેબઃ—બસ ! બસ ! દુર્ગાદાસ. જશવંતસિંહના બાલકુમારને મારે સ્વાધીન કરો.

દુર્ગાદાસઃ—બાદશાહ ! તે કદી નહિ થાય.

ઔરંગઝેબઃ—એ જ નિશ્ચય !

દુર્ગાદાસઃ—વિરોનો નિશ્ચય તે એક જ હોય.

(ઔરંગઝેબ ગુપ્ત નિશાની કરે છે, એટલે તેનું લશ્કર ત્યાં ધસી આવે છે. દુર્ગાદાસના પણ મુઠીભર સૈનિકો બાદશાહની સામે થાય છે. ઔરંગઝેબનો પરાજય થાય છે. દુર્ગાદાસ બાદશાહની કચેરી છોડી ચાલ્યો જાય છે.)

પ્રવેશ ૩ જો

[દુર્ગાદાસ અને તેના દેશભકતોની કચેરી. દુર્ગાદાસ પોતાના સામંતોને બાદશાહના દરબારના સમાચાર કહે છે. અંતે સર્વનો યુદ્ધ કરવાનો નિશ્ચય થાય છે.]

દુર્ગાદાસઃ—મારા શુરવીર સામંતો ! ઔરંગઝેબની રાક્ષસી મહત્વાકાંક્ષા દિવસે દિવસે અધિક વધતી જાય છે. હિંદુ-માત્ર તેની છાંયા તળે પીડાય છે; ગૌબ્રાહ્મણોની વિના કારણ હિંસા થાય છે, અને હવે મારવાડનું મહારાજ્ય પણ એ જુલમગારના હાથમાં જાય છે, ત્યારે કહો હવે તમારે તમારી મ્યાન કરેલી સમશેર તમારા હિંદુ ધર્મનું રક્ષણ કરવા બ્હાર કહાડવી છે ? કે થોડા દિવસ માટે મળેલી કાયા ઝુંપડીમાં સંતાડવી છે અને રાઠોડો નામર્દ છે એવી કહેવત પાડવી છે ?

પહેલો સરદારઃ—મહારાજ ! ધર્મ અને દેશના રક્ષણ માટે જ આ દેહ મળેલી છે, તેનો ઉપયોગ એ જ કાર્યમાં ન કરવો, એવું કયો મનુષ્ય ઇચ્છતો હશે ? હશે ! પ્રભુનું ધાર્યું થશે ! કદાચ કાયા રણમાં પડી પ્રાણ જશે, છતાં પણ, રાઠોડની સમશેર નહિ નમશે તે નહિ જ નમશે.

દુર્ગાદાસઃ—બાદશાહ મહારાજશ્રીના બાલકુમારને મુસલમાન બનાવવા પોતાના કબજામાં લેવા ઇચ્છે છે. કદાચ સંભવ છે કે તેથી તે બળાત્કારે પણ આ આપણી છાવણીપર હલ્લો કરી બાલકુમારને લઇ જશે. તેથી જ મેં મારા બંધુ સમરસિંહ જોડે તેને મારવાડની ભૂમિમાં ગુપ્ત નિવાસ માટે મોકલી દીધો છે. તેને સ્થાને મેં બીજો બાલક મૂકી તેને પણ બાદશાહને નહિ જ આપવો એવો નિશ્ચય કીધો છે. પરંતુ તેને પરિણામે ભયંકર યુદ્ધ ઉપસ્થિત થશે જ માટે તે સંબંધે તમારો શું નિર્ણય છે,—શું નિશ્ચય છે ?

બીજો સરદાર—દુરાચારીઓનો પરાજય અને સત્યાગ્રહીઓનો વિજય એ તો સિદ્ધ વાત છે. ધર્મવીરો આગળ અધર્મી દુશ્મનોની શી વિસાત છે ?

બીજો સરદાર—વહે છે નીર સાગરમાં જીવે છે મચ્છ સહુ જળમાં,
રવી આકાશ ઉગંતો જીવન કૃષિકારનું હળમાં,
ખરેખર તેમ ક્ષત્રિયને સુખદ છે યુદ્ધનું ટાણું,
સુજન ઇચ્છે સદા ક્યારે ઉગે સંગ્રામનું વ્હાણું.

ચોથો સરદાર—સંતાય ના—દૂર થાય ના, સમશેર જે રાઠોડની,
કીધો પ્રતિજ્ઞા તે કદી વિસરાય ના રાઠોડની,
કીર્તિ ત્રિલોકે ગાજશે સંગ્રામથી રાઠોડની,
યવનો ડરીને ભાગશે વાણી સુણી રાઠોડની.

પાંચમો સરદાર—વહે અંગારની વર્ષા પડે દુઃખો ભલે ઝાઝાં,
રૂઝાયા જે જખમ દિલના ભલે પાછા બને તાજા,
છતાં નિજ ધર્મ રક્ષાથી નહિ પાછા કદી ફરશું,
કરી હિંદુત્વની રક્ષા અમર માળા ગળે વરશું.

દુર્ગાદાસ—હું જેવો ઇચ્છતો તેવો તમે ઉત્તર મને આપ્યો;
અને ઉપકારના ભારે મને આજે તમે ચાંપ્યો.
યવનના નાશને કાજે પ્રતિજ્ઞા જે તમે કીધી,
બની મસ્તાન નિજ ધર્મે સુધા પ્યાલી ભલે પીધી.
પરંતુ ચેતવું હજીએ સુભગ મિત્રો સવેળાએ;
કબુલ છે યુદ્ધના કષ્ટો—?—

સઘળા સુભટો—(એકે અવાજે) કબુલ છે લાખ વેળાએ!

(સઘળા જાય છે.)

પ્રવેશ ૪થો

[સ્થળ—દુર્ગાદાસનો દરબાર.]

સુભટો—(કોરસ) ચાલો ઝટ ધસીને રણમાં, કાઢો શુરી સમશેર,
ધમ ધમ ધમ વિશ્વ ધ્રુજાવી, કરીએ કિરતી દરમેર.
તમ તેજ તપોબળ દેખી બસ મુગ્ધ થશે સંસાર,
જયઘોષ કરી ગરજાવો, 'મરૂભૂમિનો જયજયકાર.'
પ્રભુતા ભરી પ્રેમ થકીએ, કરીએ નિજ પ્રાણપ્રદાન,
'હર હર હર' કરીને ચાલો અરિને દ્યો મૃત્યુદાન,

વરસાવે પુષ્પ જુઓ આ સ્વર્ગે રહીને કીરતાર,
જય ઘોષ કરી ગરજાવો 'મરૂભૂમિનો જયજયકાર.'

દુર્ગાદાસઃ—મારા વીર સુભટો! તમારા અપૂર્વ બળને પ્રભાવે મહારાજાશ્રીનો વિજય થયો છે અને થોડા જ સમયમાં ઔરંગઝેબ શરણે આવશે. આપણા સૈન્યે બાદશાહને સર્વત્રથી ઘેરી લીધો છે અને આજ કેટલા દિવસ થયા તેનું સૈન્ય ભુખે મરે છે! અહા! ઇશ્વરની અનુરક્તિનો અને તમારી ભક્તિ શક્તિનો જેટલો માનીએ એટલો આભાર ઓછો છે!

પ્રતિહારીઃ—(કચેરીમાં આવી પ્રણામ કરી) મહારાજ! બાદશાહના દૂત આપની પાસે આવવાની આજ્ઞા માંગે છે.

દુર્ગાદાસઃ—તેમને સન્માન સહિત અંદર લાવો. (દૂત અંદર આવે છે.)

દુર્ગાદાસઃ—(દૂતને જોતાં જ સહાસ્ય) આવો સરદાર! કહો વળી તમારા બાદશાહનો શું છે વિચાર? હજીએ કાંઇ છે સલ્તનતની દરકાર કે આખરે બાદશાહને મૃત્યુપર જ છે પ્યાર?

દૂતઃ—દુર્ગાદાસજી! બાદશાહને પોતાની તો કશી એ પરવા જ નથી. પરંતુ તે સર્વદા તમારા જ હિતનું ચિંતન કર્યા કરે છે.

દુર્ગાદાસઃ—અહો! ત્યારે તો એમ જ સમજવું કે તમારો બાદશાહ બાલ બુદ્ધિને જ અનુસરે છે. કારણ કે શત્રુના હિતનું ચિંતન કરવું એ મૂર્ખતાનું કામ છે અને અંતે પરાજય એ જ તેનું પરિણામ છે.

દૂતઃ—પરંતુ શાણા શત્રુને સાંભાળવો એ પાપ નથી અને તે કાર્યમાં હુદયનો સંતાપ પણ નથી.

દુર્ગાદાસઃ—ઠીક; જણાવો ત્યારે તમારા બાદશાહ મને શું સંદેશો પાઠવે છે; લાખો મનુષ્યોના મરણથી પણ તેમનું હૈયું દ્રવે છે કે હજીએ તેમના હુદયમાંથી ઝેરની જવાળા જ ઉદ્ભવે છે?

દૂતઃ—મહારાજ! જો આ યુદ્ધમાં સમ્રાટ ઔરંગઝેબનો વિજય થશે તો મારવાડનું મહારાજય તે આપને જ આપવાની પતિજ્ઞા કરે છે અને દરબારમાં મુખ્ય ઉમરાવ તરીકે તમારી જ

નીમણુંક કરવાની પણ તેમની ઇચ્છા છે ! કહો આનાથી બાદશાહ કેવી ઉદારતા બતાવશે ?

દુર્ગાદાસ:—(એકદમ ક્રોધથી) ખબરદાર ! બેઇમાની સરદાર ! યાદ રાખી લે:

બુઝાશે ના શીતળતાથી પ્રકાશિત સૂર્યની જ્યોતિ,
સુકાશે કેમ વૈભવથી સ્વદુઃખે દેહ આ રોતી,

* * * *

આ દેહમાં કિરતારનો કંઇ વાસ છે આભાસ છે,
બસ ત્યા સુધી તો લોમ એ મુજ ચર્ણનો તે દાસ છે.

દૂત:—પણ શક્તિ બાહુમાં હશે છે ત્યાં સુધીની નોકરી,
ચિર કાળ એ ટકતી નથી મિથ્યા કરેલી નોકરી,
આ છે ગુલામો ભાગ્યમાં તેનો પટો છે નોકરી,
પલટે નહિ પ્રારબ્ધને ભયથી ભરેલી નોકરી.
મરૂ દેશના સમ્રાટ થઇ કીર્તિ અમોલી પામવા;
ઉત્સાહ કેમ નથી થતો ઉત્કર્ષ ભાગ્યતણો થવા ?

દુર્ગાદાસ—રૂધીર માતાતણું પીને કરૂં શું પુષ્ટ આ કાયા ?
ચળે આકાશ પણ કદીએ બને ના દુષ્ટ આ કાયા !
હું જેની ગોદમાં ઉછર્યો તજું શું તે મીઠી છાયા ?
અરે જેનું પીધું પય મેં તજું તેની હવે માયા ?

* * * *

આકાશ પલટે સર્વથા રાત્રિ દિવસ સ્થંભી જશે,
કિરતાર પણ તજી દ્વાર નિજ સૃષ્ટિવિશે કદી આવશે,
નદીમાં ઝહર વહેતું થશે સિંધુ મધુરતા ધારશે,
પણ ટેક દુર્ગાદાસની નહિ હારશે ! નહિ હારશે

જા ! જા ! નરાધમ ! તારા બાદશાહને કહે કે:—

ધન લક્ષ્મીની લાલચે, ડગે ન દુર્ગાદાસ
ઇચ્છે નહિ ગૌરવ કદી કરી નિજ ભૂમિનો નાશ !"

(દૂત પાછો ફરી જાય છે, પણ તેટલામાં દુર્ગાદાસનો ભાઇ સમરસિંહ આવી તેને પકડે છે)

સમરસિંહ:—ખબરદાર ! દુર્ગાદાસ !. આ ઔરંગઝેબનો દૂત નથી પણ બાદશાહ ઔરંગઝેબ પોતે છે !

ઔરંગઝેબઃ—(પોતે પોતાનો ઝબ્બો અને દૂતની ટોપી કાઢી નાંખી પોતાના બાદશાહી પોશાકમાં ખુલ્લો પડી) હા, અને તે જ ઔરંગઝેબ હવે પોતાનું ગૌરવ છોડી તમને વીનવે છે. દુર્ગાદાસ! મારા સૈન્યની ચારે બાજુએ તારૂં સૈન્ય વિસ્તરેલું છે. મારા નામની કીર્તિખાતર પણ મને અહીંથી નિર્ભય રીતે પ્રસ્થાન કરવા દે; આપણો સ્નેહ સંબંધ કાયમ રહેવા દે.

દુર્ગાદાસઃ—બાદશાહ! એક જ શરતે તમને અહીંથી મુક્તિ મળશે હિંદુઓપરનો માથાવેરો દુર થશે; અને જશવંતસિંહનો બાલક મોટો થતાં જ તેને મારવાડનું રાજ્ય પ્રાપ્ત થશે. ત્યાં સુધી અમારા દેશનો કાર્યભાર અમારી અનુમતિથી ચાલશે અને બાલ યુવરાજ અમારી પાસે જ રહેશે. કહો, કહો, હજી એ શરતો સ્વીકારી મુક્તિ મેળવવી છે કે પૂર્વજોની મહેનત ધૂળમાં મેળવવી છે? રજપુતો તો સદાએ શરણાંગતનું રક્ષણ કરે છે. કારણ કે—

જુઓ આકાશનો ભાનુ બધાને તેજ આપે છે,
અને જળ આ સરિતાનું જગતનાં કષ્ટ કાપે છે,
અપાપી પાપીના ભેદો ન ધારે લેશ પણ તેઓ;
કરે દુશ્મનતણી રક્ષા મનુષ્યો વીર છે જેઓ.

ઔરંગઝેબ—દુર્ગાદાસ! ભલે ભલે! આપણો પ્રેમ કાયમ રાખવાને અર્થે તારી સઘળી શરતો સ્વીકારૂં છું. (સ્વગત) અરેરે! જીંદગી આખી જીત્યો પણ આજ હારૂં છું.


દુર્ગાદાસ—ધન્ય છે! ધન્ય છે! બાદશાહ! હૃદયમાં એવી જ ઉદારતા રાખો અને હિંદુ મુસલમાનોનો ભેદ ભાવ ભાંગી નાખે. બાદશાહ! જાઓ; જશવંતસિંહનો બાલ યુવરાજ તમને ક્ષમા આપે છે; તમારાં કષ્ટ કાપે છે.

સરદારો—જય! જશવંતસિંહ મહારાજનો જય! જય! બાલ યુવરાજશ્રીનો જય! હિંદુ ધર્મનો જય! **वंदे मातरम्।**

સમાપ્ત

બ્રાહ્મણ અને વાઘ

એક હતો બ્રાહ્મણ વટેમાર્ગુ. એક ગામની ભાગોળે તેણે વાઘને પાંજરામાં પુરેલો જોયો. વાઘ કહેઃ—" મહારાજ ! મ્હને



લોકો ભૂખે તરસે મારી નાખે છે. મને જરાક કાઢો. હું પાણી પીને પાછો પુરાઇશ." બ્રાહ્મણ કહે, 'ના રે ભાઇ, તું મ્હને ખાઇ જાય.' વાઘ કહે 'નહિ ખાઉં, દયાનીધિ.' બ્રાહ્મણે વાઘને બહાર કાઢયો. વાઘ કહે 'હવે તો તને ખાઇ જાઉં ને પછી પાણી પીઉં !' બ્રાહ્મણ કહે, 'રાખ. આપણે પાંચ જણને પૂછીએ. પંચ ત્યાં પરમેશ્વર. જો બધા કહે તો મ્હને ખાઇ જજે.' વાઘ કહે. 'ભલે.'

પછી તેમણે વડને પૂછ્યું. 'વડ રે ! વડ ! ન્યાય કર.' વડ પૂછે, 'શાનો ન્યાય ?' બ્રાહ્મણે બધી વાત કહી, એટલે વડ કહે, 'માણસ ઘણું ખરાબ પ્રાણી છે. મ્હારી નીચે બેસી મ્હનેજ કાપવા ફરે છે. માટે વાઘ ભલે માણસને ખાઇ જાય !' વાઘ કહે 'ખાઉં.' બ્રાહ્મણ કહે 'રાખ, હજી બીજા ચારને પૂછીએ.'

પછી મળ્યો ઘોડો. ઘોડાને વાત કહી એટલે તે કહે, 'માણસ ઘણું ઘાતકી પ્રાણી છે. મ્હને ચાબુક મારીને ખુબ દોડાવે છે. માટે વાઘ ભલે માણસને ખાઇ જાય!' વાઘ અધીરો થયો પણ બ્રાહ્મણે વાર્યો.

હવે આવ્યો કુતરો. કુતરો કહે 'માણસ અને તેમાં યે બ્રાહ્મણ તો ઘણા જ ખરાબ. તે મ્હને અસ્પર્શ્ય ગણે છે, અને ઘણો ત્રાસ દે છે, માટે વાઘ ભલેને એને ખાઇ જાય !'

એવામાં એક હરણ મળ્યું. હરણ કહે, 'માણસ મારો શિકાર કરે છે, માટે વાઘ ભલે એને ખાઇ જાય.' વાઘને ધીરજ ન રહી, પણ બ્રાહ્મણે કહ્યું, 'હજી એક જણને પૂછવાનું બાકી છે; પછી ભલે તું ખાઇ જા.'

સામેથી આવ્યું શિયાળ. તેને બધી વાત કહી; એટલે બારે-



ખમ થઇ ડોકું હલાવી તે કહે. 'નારે ભા; એમ તે કાંઇ ન્યાય થાય ? મ્હને તમારી જગ્યા બતાવો.' બધા ગયા પાંજરા પાસે.

શિયાળ પૂછે, 'મહારાજ તમે કયાં ઉભા હતા ?' બ્રાહ્મણ કહે, 'આમ.' એમ કહીને પોતે ઉભેલો, તેમ ઉભો. પછી વાઘને કહે, 'તમે કયાં હતા ?' એટલે વાઘ કુદીને પાંજરામાં પેઠો. પાછું શિયાળ પૂછે, 'બારણું ઉઘાડું હતું કે બંધ ?' વાઘ કહે, 'બંધ. ને આંકડી મારેલી હતી.' શિયાળે બારણું બંધ કર્યું અને આંકડી મારી; અને કહ્યું, 'આમ જને ?' વાઘ કહે, 'હા.'

પછી ધીરેથી શિયાળ બોલ્યું. 'હવે ન્યાય થઇ ગયો. મહારાજ ! તમે તમારે રસ્તે પડો; અને વાઘજીભાઇ ! તમે કૂટો માથું, ને કાઢો ડોળા. તમારા ડોળાથી કોઇ બ્હીવાનું નથી. પેલે બિચારે તમને કાઢ્યા તેનો તમે સારો બદલો આપતા'તા ! ખરૂં ને ? હવે કૂટો માથું, ને કાઢો ડોળા !'

૩૪

કાજી સાહેબનો ન્યાય



એકવાર દિલ્હીનો અકબર બાદશાહ સવારના સમયે દરબાર ભરી બેઠો હતો. મોજમઝાની આનંદદાયક વાતો ચાલતી હતી. દરબારમાં અમીર, ઉમરાવ, સરદારો, હિંદુ પંડિતો અને કાજીઓ વિગેરે હાજર હતા. તે વખતે મુસલમાન ન્યાય આપનારા 'કાજી' કહેવાતા અને તેઓ પ્રજાને સાચો ન્યાય આપતા નહોતા. જે કોઇ કાજી સાહેબનું ખિસ્સું રૂપીઆથી તર કરતું તેના તરફ જ ન્યાયનું ત્રાજવું ઢળી પડતુ. આ તેમની કળા અકબર બરાબર જાણતો હતો. બાદશાહ અકબરે એટલા જ માટે ત્યાં બેઠેલા એક કાજી તરફ કટાક્ષ કરીને પોતાના મુખથી જ નીચે પ્રમાણેની વાર્તા શરૂ કરી. બાદશાહે કહ્યું, કાનપુરમાં અમારા જે કાજી સાહેબ રહે છે તે ન્યાય આપવાના કાર્યમાં જબરા એક્કા છે. તે જ્યારે ઇન્સાફની ગાદીપર બેસે છે ત્યારે સાતમે આકાશેથી અમારો અલ્લાહ્ પણ ઉતરી આવી તેમની સામે હાથ જોડી ઉભો રહે છે. એકવાર એ કાજીસાહેબની પાસે મરઘી ચોરવાનો એક મુકર્દમો આવ્યો. એટલે કાજીસાહેબે જે મહોલ્લામાંથી મરઘી ચોરાઇ હતી તે મહોલ્લાના બધા પુરુષોને લાવીને દરબારમાં હાજર કર્યા. ઇન્સાફ અપાય તે પહેલાં જ કાજીએ એક માણુસના માથા પર મરઘીનું પીછું લાગેલું જોયું ! ખલાસ ! પછી શોધ કરવાની બાકી જ ક્યાં રહી ? કાજીસાહેબ

ખુશ થતા બોલ્યા; "જુઓ આલ્લાહ્‌તાલાનું એહસાન. તપાસ કરવા વગર જ ચોર પકડાઇ ગયો છે. જે માણસને માથે મરઘીનું પીછું લાગ્યું છે તે જ માણસ ચોર છે એમાં શો શક છે વારૂં ? આ લુચ્ચાને દસ રૂપિઆ દંડ કરવામાં આવે છે." તરત જ તે માણસ પાસે દસ રૂપીઆ વસુલ કરવામાં આવ્યા. દરબારમાં ભેગા થએલા લોકો આ ન્યાય સાંભળી–કાજીસાહેબની ન્યાયશક્તિ જોઇ–તેનાં વખાણ કરવા લાગ્યા. લોકોને ખાત્રી થઇ કે ગુન્હા પ્રમાણેની શિક્ષા હવે જ લોકોને મળશે. બાદશાહને મોઢે આ વાત સાંભળીને દરબાર આખો હસી પડયો. ત્યાં બેઠેલા કાજીસાહેબ આથી મનમાં બહુ શરમાયા. પરંતુ કરે શું ! તો પણ ઉપરથી બતાવવા માટે લોકો સાથે હસવા લાગ્યો. એટલામાં એક વિચિત્ર વાત બની. એક માણસે આવીને બાદશાહને પ્રાર્થના કરીને કહ્યું, "બાદશાહ ! મારી એક મરઘી કોઇ ચોરી ગયું છે !" બાદશાહે આ વાતનો ઇન્માફ કરવાનું કામ કાજીસાહેબને સોંપી દીધું. કાજીસાહેબે ફરિયાદીના કહેવા ઉપરથી તેના મહોલ્લાના માણસોને તેડાવી મંગાવ્યા અને પછી ફરિયાદીને પૂછ્યું. 'બોલો ! આ બધા માણસોમાંથી કોના ઉપર તમને શક જાય છે ?" ફરિયાદી આ સાંભળી ચુપ જ રહ્યા. કોઇનું નામ દેવાની તેની હિંમત ચાલી નહિ. કાજીસાહેબે તેના મહોલ્લાના કેટલાક પૈસાદાર લોકોને પણ ત્યાં બોલાવી મંગાવ્યા અને પછી મોટે અવાજેથી કહ્યું, "અહો જુઓ ! આ બધામાં ચોર તો મને દેખાયા કરે છે. જેણે મરઘી ચોરી છે તેને જ માથે મરઘીનું પીછું ચોંટેલું દેખાયા કરે છે. શું અલ્લાહ્‌ની કુદરત !"

આ સાંભળી બધા માણસો તો જેમના તેમ નિશ્ચળ ઉભા રહ્યા. પણ એક માણસે એકદમ ઝડપથી પોતાને માથે હાથ ફેરવી માથું ખંખેરી નાંખ્યુ ! કાજીસાહેબે તે જ માણસને પોતાની પાસે બોલાવ્યો અને કહ્યું "આજ ચોર છે." તપાસ કરતાં માલમ પડયું કે આ માણસને આ પહેલાં પણ ઘણીવાર ચોરવાના વાંક માટે શિક્ષા થએલી છે. કાજીની આ ચાલાકી જોઇ બાદશાહ હસ્યો અને તેણે કહ્યું "ખરેખર દિલ્હી કાંઇ કાનપુર નથી; અને બધા જ કાજીઓ પણ સરખા નથી !"

કચેરીનો વખત પુરો થયો એટલે સભા વિસર્જન થઇ.



ડાહ્યો દિકરો

શિવપુરના પંડિત સોમદત્ત ત્રિપાઠી સંસ્કૃતના મહા વિદ્વાન હતા. રાતદિન પૂજાપાઠમાં તે લાગી રહેતા. લોકો એમને બહુ માન આપતા. પંડિતજી ભાગવતની કથા બહુ સારી કરતા. કથા વાચવી એ એમની જીવિકા હતી. એમને કોઇ પણ વાતનું દુઃખ નહોતુ. કેવળ એટલું જ કે, એમનો પુત્ર બિલકુલ ઠોઠ નિકળ્યો હતો.

પંડિતજીના પુત્રનું નામ વિદ્યાધર હતું. સોળ વરસ થયાં છતાં પણ હજી સુધી લઘુકૌમોદીનાં સંજ્ઞા પ્રકરણ પણ તેણે પુરાં કીધાં નહોતાં. પંડિતજી સર્વ ઉપાયો કરી હારી ગયા છતાં, વિદ્યાધરને એકે અક્ષર ન જ આવડયો. અંતે લાચાર થઈ એમણે ભણાવવાનું છોડી દીધું.

એક દિવસ પંડિતજી પોતાના ઓટલાપર બેસી વિદ્યાધરને શીખવી રહ્યા હતા. ઘણો ઉપદેશ કર્યા પછી તેમણે કહ્યું:—બેટા ! આજ હું જે વાત કહું છું, તે મુજબ તું વર્તીશ તો, તારી જીંદગી સુખચેનથી જશે. બુઢ્ઢા બાપનો ઉપદેશ આજે ડાહ્યા દિકરાના ધ્યાનમાં ઝટ આવી ગયો. વિદ્યાધરે એ વાત પોતાની નોંધપોથીમાં લખી લીધી. ઉપદેશ નીચે મુજબ હતો:—

(૧) મનુષ્યે પુરૂષાર્થ કરવો જોઇએ.

(૨) સુંદર સ્ત્રી શત્રુ સમાન છે

(૩) શત્રુનો નાશ અવશ્ય કરવો જોઇએ.

(૪) સ્ત્રીહત્યા કરતાં મોટું પાપ કોઇ નથી.

(૫) મનુષ્યના મુખની શોભા નાક છે.

(૬) સજ્જન પુરૂષોની સાથે થોડે દૂર ચાલવાથી પણ મિત્રતા થઇ જાય છે.

(૭) ભોજન વહેંચીને ખાવું જોઇએ.

(૮) રાજા, દેવતા ને ગુરૂનું દર્શન ખાલી હાથે ન કરવું જોઇએ.

વિદ્યાધરે બીજા જ દિવસથી આ નિયમોનું પાલન શરૂ કીધું. સવાર થતાં જ પાવડો લઇને ઘરની અંદર તે ચાલ્યો ગયો ને એક દિવાલ ખોદવા માંડી. આ તમાસો જોઇ ઘરમાં હલ્લો મચ્યા; પણ એ કોઇનું સાંભળતો નહોતો. ઘર ખોદવામાં એ ઝોડની માફક મચ્યો હતો. પાડોશમાંથી બે ચાર માણસો જ્યારે આવ્યાં ને એને બહુ સમજાવ્યો, ત્યારે જ ઘર ખોદવાનું તેણે બંધ કીધું. પહેલા નિયમનું પાલન (પુરૂષાર્થ કરવાનું!) વિદ્યાધરે ઘર ખોદીને કર્યું.

થોડા વખત પછી વિદ્યાધરનો વિવાહ થયો. ભાગ્ય યા અભાગ્યથી સ્ત્રી અત્યંત રૂપવતી મળી. પોતાની સ્ત્રીની સુંદરતા જોઇ વિદ્યાધરને બીજો નિયમ યાદ આવ્યો. એણે વિચાર્યું કે સુંદર સ્ત્રી શત્રુ સમાન છે. માટે ત્રીજા નિયમ અનુસાર એને મારી નાંખવી જોઇએ.

પરંતુ ચોથા નિયમાનુસાર સ્ત્રીહત્યા સૌથી મોટું પાપ છે. ત્યારે શું કરવું જોઇએ? તરત વાત ધ્યાનમાં આવી ગઇ. પાંચમો નિયમ યાદ આવવાથી સઘળી કઠણાઇ દૂર થઇ ગઇ. એણે વિચાર્યું કે, એનું નાક કાપી લેવાથી અવશ્ય એની સુંદરતા નાશ પામશે; ને સાથે સાથે બીજા નિયમનુ પાલન પણ થશે. હવે શું વાર હતી? એક તેજદાર ચપ્પુ લઇ એણે એની નવ-વિવાહિતાનું નાક કાપી લીધું! બિચારી બાળા એકદમ જોસથી

ચીસ મારી બેહોશ થઇ ગઈ. પોતાના છોકરાનાં આ કૃત્યથી પંડિતજી બહુ ખીજવાયા. વિદ્યાધરને પોતાના ઘરમાંથી કાઢી મૂક્યો.

રોજ રોજની ધમકીથી વિદ્યાધર કંટાળી ગયો હતો; તેથી આ વખતે એ પણ ખીજવાઈને ઘર છોડી ગયો. રસ્તામાં એના ગામના કેટલાક લોકો સાથે એને મેળાપ થયો. તેઓ એક લાશ લઇ સ્મશાને જતા હતા. એ લોકોને જોઇ વિદ્યાધરને છઠ્ઠો નિયમ ધ્યાનમાં આવી ગયો. તેપણ એમની સાથે સાથે જવા લાગ્યો. સ્મશાનમાં બહુ વખત રહેવાથી એને ભૂખ લાગી; ત્યારે પોતાની પોટલી ખોલીને શેકેલા ચણા કાઢયા. સાતમા નિયમ અનુસાર તે એક એક મુઠી ચણા પેલા લોકોને વહેંચવા લાગ્યો. આ સર્વ લોકો તેનાપર ખીજવાઇ ઉઠયા. એકે કહ્યું. “તું કેવો મૂર્ખ છે? તને એ પણ નથી સુઝતું કે, આ ખાવા પીવાનું સ્થાન નથી?” આથી વિદ્યાધરે પોતાનો સાતમો નિયમ કહ્યો. એટલામાં એકે જોરથી બે ચાર તમાચા તેને લગાવી દીધા.

વિદ્યાધર એ લોકો ઉપર કામ ચલાવવા માટે રાજદરબાર તરફ રવાના થયો. રસ્તામાં આઠમો નિયમ યાદ આવ્યો. પાસે તો કંઈ હતું નહિ; તેથી દરબારમાં પહોંચ્યા પછી પોતાનું ધોતીયું કાઢી પોતાના હાથમાં તેણે લઇ લીધું! દરબારના સિપાઈઓ એને પાગલ સમજ્યા; ને દમ બતાવી ધોતીયું પાછું પહેરાવ્યું. રાજાએ એની ફરિયાદ સાંભળી. રાજાએ વિદ્યાધરના શરૂથી આખર સુધીના સારા હાલ સાંભળ્યા. પછી તે બોલ્યા, તમારા પિતાએ તમને બહુ સારી શિખામણ આપી હતી. જો તમે તમારી કુબુદ્ધિથી એનો દુરૂપયોગ ન કરત તો આ કષ્ટ તમારે સહેવું પડત નહિ. તમારી જીંદગી અવશ્ય સુખમાં જાત. રાજા સાહેબની વાત વિદ્યાધરને રૂચતી આવી નહિ. તે એમના પર નારાજ થઇ બડબડતો બડબડતો દરબારમાંથી ચાલ્યો ગયો.

બઘડંમશા શેઠની નવી માનતા



બઘડમશા શેઠ કીકાની માનતા કેવી રીતે પુરી કરી આવ્યા તથા માતાજીને ધરેલા સો રૂપીઆ કેવી સિફતથી પાછા લઈ આવ્યા એ તો તમે જાણો છો; પણ એ રૂપીઆ શેઠજીને પચ્યા કે કેમ તે હવે જોવાનું છે.

માતાજીની કૃપાથી અવતરેલો કીકો એક વરસનો થયો એવામાં, અફસોસ! રમતાં રમતાં ઓટલાની કોરપરથી તે ગબડી પડયો. જમીનમાં દટાઇ રહેલો એક અણીદાર પથરો કીકાના કપાળમાં આબાદ વાગ્યો. શેઠ શેઠાણી હાંફલાં ફાંફલાં દોડી આવ્યાં. શેઠાણીએ ઝટપટ કીકાને ઉંચકી લીધો. લોહીની ધાર જોતાંવેંત શેઠે માનતા લીધી કે હે માતાજી! હે પ્રભુ! હે ખુદા! હે ઇસુ ખ્રીસ્ત! હે—! જો મારો સાત ખોટનો એકનો એક કીકો હેમખેમ ઉઠશે તો હું બસ એકદમ ૧૦૦ બ્રાહ્મણોને જમાડીશ! બીજે દહાડે કીકાએ ભાનમાં આવીને "મમ્! મમ્!" કહ્યું. બઘડમશા શેઠ ખુશ ખુશ થઇ ગયા. તેમનો જીવ જરા હેઠો બેઠો. મનને કહેવા લાગ્યા કે સો બ્રાહ્મણો જમાડવા જેટલી ગંભીર સ્થિતિ નથી. પોણોસો ઘણા થશે. એમાં પણ છેડે "સો" અક્ષર આવે છે જ, માટે એમ જ કરવું. ત્રીજે રોજ કીકાનું મ્હોં મલકતું જોઇને શેઠે નક્કી કર્યું કે પચાસ બ્રાહ્મણો જમાડીશું તો ચાલશે. બે દહાડા પછી બીંગડું વળેલું દેખી ૨૫ બ્રાહ્મણોનું કર્યું. છેલ્લે,

ત્રણ ચાર દિવસમાં ભીંગડું ઉપડી જતાં શેઠને લાગ્યું કે ખરો મુદ્દો બ્રહ્મભોજનનો છે; તેની સંખ્યા કાંઇ અગત્યનો ભાગ ભજવતી નથી. કળિયુગના પેટ ભરતા ૨૫–૫૦ બ્રાહ્મણોને બદલે કોઇ સુપાત્ર એક જ બ્રાહ્મણ જમે તો બસ છે! શાસ્ત્રમાં મિતાહાર એટલે થોડો ખોરાક લેનાર મનુષ્ય વખણાય છે, માટે એ પાંચ રૂપીઆભાર ખાઇ શકે એવા સુપાત્ર બ્રાહ્મણની શોધ શેઠે કરવા માંડી.

એવામાં એક દહાડો ખોખડધજ નામનો મુડદાલ બ્રાહ્મણ શેઠની દુકાન આગળથી પસાર થયો. મળી ગયેલાં ડાચાં અને હાલહવાલ શરીર જોઇને શેઠે ધાર્યું કે આપણે શોધીએ છીએ એવો જ બ્રાહ્મણ ભગવાને મોકલી દીધો છે. આથી તેને કહ્યું, "મહારાજ, સવારે ઘેરે આવીને સીધું લઇ જજો." ખોખડધજ આશિર્વાદ આપીને ચાલતો થયો.

પ્રભાતના પ્હોરમાં દેશાવરના આડતીઆ તરફથી શેઠને એક્સપ્રેસ તાર મળ્યો. "Mother dangerously ill. Come soon." આ તાર વેપારીની સાંકેતિક ભાષામાં હતો. ત્યાં એક આસામીને ત્યાં બધડગશા શેઠની મોટી થાપણ હતી, અને તે શખ્સ દીવાળું ફુંકવાની તૈયારીમાં હતો. શેઠ તારનો ખરો અર્થ સમજી ગયા કે "લક્ષ્મી માતા—પૈસા, રૂપીઆ, ધન,—ભય ભરેલી રીતે માંદાં—ખોટાં થવાની અણીપર આવી રહ્યાં—છે, માટે જલદી આવો—તો કદાચ વારફેર કરી શકાય." એકદમ શેઠે મુસાફરીની તૈયારી કરી દીધી; એવામાં ખોખડધજ આવી પહોંચ્યો. જવાની ઉતાવળ હોવાથી શેઠે શેઠાણીને ટુંકામાં કહ્યું કે, "આ ખોખડધજ મહારાજ કહે છે તે પ્રમાણે તેને સીધું સામાન અપાવજો."

ખોખડધજ જમાનાનો ખાધેલો, "ભીખને ભૂખ નહિ" એ ધોરણે ચાલનારો હતો. તેણે સમય સાધીને સો માણસોની

ભોજન સામગ્રી મગાવી, શેઠના નામનાં નોતરાં ફેરવી દીધાં. સાંજ સુધીમાં બ્રાહ્મણો જમી પૈસો પૈસો દક્ષણા લઇ શેઠની જે બોલતા વિદાય થયા.

જાણે અજાણે કાંઇ પુણ્ય થયું હોય તો તે ફોકટ જાય છે ? દેશાવરમાં બે ચાર ઓળખીતાની મદદથી બઘડમશા શેઠ થાપણ પુરેપુરી મેળવી ઘર તરફ વળ્યા. ગામમાં પેસતાં જ બે ચાર સગાંઓએ બ્રહ્મભોજન માટે શેઠને ધન્યવાદ આપ્યો. મનમાં ગુંચવાતા શેઠ ઘેર પહોંચ્યા. શેઠાણીને પુછયું કે, "તમે ખોખડધજને શું અપાવ્યું હતું ?" શેઠાણીએ જવાબ આપ્યો કે—"તમારા કહેવાથી તેની માંગણી મુજબ બરાબર સો માણસોનું સીધું અપાવ્યું હતું; તથા પૈસો પૈસો દક્ષણા દીધી હતી એકદર ખર્ચનો આકડો રૂા. ૧૦૦) નો થયો છે.

શેઠ સમજયા કે, માતાજીએ માનતાના રૂપીઆ સો આમ યુક્તિથી લઇ લીધા હતા.




ઉંદરોની ઉજાણી

મનુના ઘરમાં અનાજ વગેરે રાખવામાટે એક જુદો ઓરડો રાખવામાં આવ્યો હતો. તેના ખુણામાં એક દર હતું. તેમાં ટીપ, ટોપ અને ટેપ નામના ત્રણ ઉંદરો રહેતા હતા. તેઓ રોજ રાત્રે બધાં ઉંઘી જતાં ત્યારે તે ઓરડામાં ફરવા નીકળતા, અને જે કાંઇ ઉઘાડું રહી ગયું હોય અથવા નીચે વેરાએલું હોય તે સઘળું ખાઈ જતાં. એક દિવસે તેમણે ઉજાણી કરવાનો વિચાર કર્યો, અને લાગ મળે ત્યારે કોઇ સારો પદાર્થ ઉઘાડો રહી જાય તો તે સઘળાએ મળીને ખાઇ જવો એમ નક્કી કર્યું. આજથી તેઓ હંમેશાં કોઇ ગળ્યા પદાર્થની શોધમાં રહેતા હતા.

એટલામાં મનુનો જન્મદિવસ આવી પહોંચ્યો. તે દિવસે તેને ત્યાં સારૂં સારૂં જમવાનું કર્યું હતું, અને બીજાં સગાં વહાલાં તથા ભાઇબંધ દોસ્તદારોને પણ જમવા માટે બોલાવવામાં આવ્યા હતા. મોડી રાત સુધી જમવાનું કામકાજ ચાલવાથી ઘરનાં બધાં માણસો થાકયાં પાકયાં ઝટપટ સૂઇ ગયાં. કામની ધમાલમાં ઓરડામાં રાખેલી એક મુરબ્બાની બરણીનું મોં ઉઘાડું રહી ગયું હતું. હંમેશની માફક આજે પણ ઉંદરો ઓરડામાં ખાવાનું શોધવા માટે રખડતા હતા. એટલામાં પેલી બરણી તેમના જોવામાં આવી અને તેમાં શું છે તેની તપાસ કરવા માટે ત્યાં આગળ ત્રણે જણા આવીને ભેગા થયા. બરણીમાંનો મુરબ્બો લગભગ ખલાસ થવા આવ્યો હતો, પણ છેવટની જાડી મધ જેવી ચાસણીથી તેનો લગભગ અરધો ભાગ ભરેલો હતો. બરણીમાં શું

છે તે જોવા માટે ટીપ એકદમ બરણીઉપર ચઢ્યો; અને બાકીના બે જણા નીચે બેસી રહ્યા.



ટીપે ઉપર ચઢી બરણીની અંદર જોયું તો ખાવાનું ઘણું ઊંડું જણાયું. તેનો સ્વાદ ચાખવાને તેનું મન ઘણુંજ તલપાપડ થઈ રહ્યું હતું. પણ શું કરે? આખરે તેણે અંદર ઉતરવાનો વિચાર કર્યો; અને પકડેલી કોર છોડી દઈ જેવો તે અંદર ઉતરવા જાય છે કે, તરત જ ધબ દઈ અંદર પડ્યો; અને આખું શરીર ચાસણીથી લદબદ થઈ ગયું તેણે ઘણાંએ ફાંફાં માર્યાં; પણ કાચ લીસો હોવાથી તેનાથી ઉપર ચઢી શકાયું નહિ.

બહાર રહેલો ટોપ અને ટેપ તો તેની રાહ જોઈને બેસી રહ્યા હતા. ઘણી વાર થઈ; પણ ટીપ તપાસ કરી પાછો આવ્યો નહિ. તેમણે ઊંચું જોયું તો, ટીપને બરણીની અંદર પડેલો દીઠો. આથી તેઓ ગભરાયા, અને ઘણા જ દીલગીર થયા. હવે ટીપને કેવી રીતે બહાર કાઢવો તેનો તેઓ વિચાર કરવા લાગ્યા. થોડીકવારમાં ટોપને એક યુક્તિ સુઝી આવી. તેણે ટેપને

કહ્યું કે, હું પહેલો બરણી ઉપર ચઢી તેની કોર પકડીને મારી પૂંછડી બરણીની અંદર લટકતી રાખું; એટલે પછી તું પણ ઉપર આવીને મારી પૂંછડી તારા મોંવડે મજબૂત પકડી રાખજે, કે જેથી, ટીપના ભારવડે હું અંદર પડી ન જાઉં.

પછી ટીપ મારી પૂંછડી પકડી ઉપર ચઢી આવશે. તેમણે ઉપર મુજબ ગોઠવણ કરી ટીપને પૂંછડી પકડી ઉપર આવવા ઇશારત કરી. થોડીવારમાં ટીપ પૂંછડી પકડી બરણીના મોં સુધી ઉપર ચઢી આવ્યો. હવે ટોપ અને ટેપે નીચે જમીનપર આવવા માટે જોરથી કૂદકો માર્યો. એટલે ટીપ, ટોપ, અને ટેપ ત્રણે જણા એકદમ નીચે જમીન ઉપર આવી પડ્યા. ટીપનું આખું શરીર ચાસણીથી ખરડાએલું હતું, તે ટોપ અને ટેપે ચાટી ખાઇને ચોકખું ચટ કરી દીધું. પછી ત્રણે જણ ઉજાણી પૂરી થવાથી આનંદથી દોડતા દોડતા પોતાના દરમાં પેસી ગયા.



અબોલ રાજબાળા

એક રાજાને એક છોકરો હતો. તે નાનપણથીજ ઘણો હોંશીયાર અને ચાલાક હતો, તેણે વિદ્યાભ્યાસ પુરો કર્યા પછી જુદા જુદા દેશો જોવા માટે વિચાર કર્યો. ને પોતાના બાપની રજા માગી. બાદશાહે તેના ગુરૂને સાથે લઇને તેને જવાની રજા આપી.



ચાલતા ચાલતાં તેઓ એક દિવસ એક ડુંગરના મથાળે આવી પહોચ્યા. તે પર ઉભા રહી આસપાસ નજર ફેરવતાં પાસેના શહેરમાં વિલક્ષણ ગુલાબી પ્રકાશ તેમણે જોયો. તે પ્રકાશ વિષે રાજપુત્ર તેના ગુરૂ સાથે અનેક તર્ક કરતો હતો. એવામાં તેમણે એક ઘરડો ડોસો જોયો. તેને બોલાવી રાજપુત્રે પુછયું "આ શાનો પ્રકાશ છે, કાકા ?" તેણે જવાબ આપ્યો, "પાસેના શહેરમાં જે રાજા રહે છે તેને એક કુંવરી છે. તે રૂપરૂપનો ભંડાર છે. મોગરાની કળી જેવી તેની સુકુમાર કાયા છે. આ પ્રકાશ તેના ગાલના ગુલાબી રંગનો પડછાયો છે. હજી તેનાં લગ્ન થયાં નથી. તે કોઇની પણ સાથે બોલતી નથી. તેને જે બોલાવી શકશે તેની સાથે જ તેનાં લગ્ન કરવાં એવો રાજાનો નિશ્ચય છે.

આ સાંભળી રાજપુત્રે બને તો ત શહેરમાં જઇ રાજકન્યા જોવાનો વિચાર કર્યો. તેણે પોતાના ગુરૂ સાથે શહેરમાં આવી એક ધર્મશાળામાં મુકામ કર્યો. ત્યાં તેના સાંભળવામાં આવ્યું કે રાજાનો એવો હુકમ છે કે જે રાજકન્યાને બોલાવવા આવશે તેની સાથે જો રાજકન્યા બોલશે નહિ તો તેનો શિરચ્છેદ કરવામાં આવશે. છતાં પણ રાજપુત્રે પોતાનો વિચાર ફેરવ્યો નહિ. તેના ગુરૂએ ઘણું કહ્યું છતાં પણ તેણે માન્યું નહિ. બીજે દિવસે રાજકુવરે બજારમાં એક ભીખારી પાસેથી એક સુંદર મેના ખરીદ કરી. મેનાની તે જાતે જ સંભાળ લેવા લાગ્યો. એક દિવસ તેણે મેનાને સહજ જ પુછયું કે, "હે મેના, તે મારી સાથે બોલશે ?" મેનાએ તરત જ એક યુક્તિ કહી સંભળાવી; અને કહ્યું કે. જો તું આ પ્રમાણે વર્તીશ તો જરૂર રાજકન્યા તારી સાથે બોલશે. તેને તે યુક્તિ પસંદ પડી. તરત જ તેણે રાજા પાસે રાજકન્યાને મહેલ જવાની પરવાનગી મંગાવી. બીજે દિવસે મેનાને લઇને તે રાજકન્યાના મહેલમાં ગયો.

તેણે રાજકન્યાને જુદી જુદી જાતના અનેક પ્રશ્નો પુછયા; પણ તે બોલી નહિ. છેવટે તેણે મેનાને પુછયું કે "તું તો, મારી સાથે બોલ મેના ! કહે; તારી પ્રકૃતિ કેમ છે ?" તરત જ મેનાએ જવાબ આપ્યો, "હે રાજપુત્ર ! તું મારા જેવા પક્ષિ સાથે બોલ્યો; તેથી મને ઘણો જ આનંદ થાય છે. મારી સાથે આજ સુધી કોઇપણ નહોતું બોલ્યું. મારી પ્રકૃતિ ઘણી જ સારી છે. હવે હું તને એક વાર્તા કહું છું, તે સાંભળ."

"એક વખત ત્રણ મિત્રો સાથે પ્રવાસ કરતા હતા. તેમાં એક સુથાર, બીજો દરજી અને ત્રીજો જાદુગર હતો. રસ્તામાં એક સાંજે તેમણે એક ઝાડ નીચે મુકામ કર્યો. રાત્રે સુથાર જાગ્યો; અને ઉંઘ ન આવવાથી એક લાકડાનો કટકો લાવી તેણે તેની પુતળી બનાવી. તેના સુતા પછી દરજી જાગ્યો. તેણે પોતાની

પાસે સરસ પુતળી જોઈ, તેને માટે ઉત્તમ કપડાં તૈયાર કરી પહે-રાવ્યાં. પછીથી તે પણ ઉંઘી ગયો. હવે જાદુગર જાગ્યો. તેણે આ સુંદર પોષાક પહેરેલી પુતળી ને જોઇ તેમાં જીવ મૂકવાનો વિચાર કર્યો. તેણે પુતળીની છોકરી બનાવી. સવારે તેમનામાં ભાંજ-ગડ પડી કે એ છોકરીનો ખરો માલિક કોણ ? તો હવે રાજપુત્ર ! તું જ કહે કે, તે છોકરી કોણે લેવી ?"

હવે રાજપુત્ર અને મેના વચ્ચે વાદવિવાદ શરૂ થયો. મેનાએ દરજીની પક્ષ લીધી; અને રાજકુંવરે સુથારનો પક્ષ લીધો. ઘણો વખત તકરાર ચાલી; પણ જાદુગરનું તો બેમાંથી એકે નામ જ ન લે. હવે રાજકન્યાથી રહેવાયું નહિ. તે બોલી. "એ શું તમે ગાંડાની માફક તકરાર કરો છો ? તમે જાદુ-ગરને કેમ ભૂલી ગયા ? મને તો લાગે છે કે, તે છોકરી જાદુ-ગરને જ મળવી જોઇએ. કારણ કે, જો તેણે તેમાં જીવન મૂ યો હત; તો તે પુતળી, પુતળી જ રહેત ! સુથારે પુતળી ઘડી; માટે તે તેનો જન્મદાતા ગણાય. દરજીએ વસ્ત્ર પહેરાવ્યાં, તેથી કાંઇ તેનો હક્ક ન પહોંચે. જાદુગરે તેને જીવન આપ્યું માટે તે જ તેનો ખરો પતિ ગણાય. આટલુંએ ખબર નથી ?"

આ પ્રમાણે રાજકન્યા બોલી ! આ સાંભળી રાજા ઘણો જ ખુશી થયો. તેણે તે રાજપુત્ર સાથે રાજકન્યાના લગ્ન ઘણી ધામ-ધુમથી કર્યાં; અને પોતાનું રાજ્ય પણ તેને પહેરામણીમાં આપ્યું.



ઉમર

મીસર દેશમાં મંસુર નામે એક સોદાગર રહેતો હતો. તેને ઉમર નામે એક છોકરો હતો. એક દિવસ મંસુર તેના પુત્ર ઉમરને લઇ ન્યાયમંદિરમાં ગયો હતો.

ન્યાયમંદિરની કચેરીમાં કાજી સાહેબ તેમના આસનપર બેઠા હતા તેમના ચહેરાપરથી તેઓ બહુ ભલા અને ન્યાયી તથા પૂર્ણ અનુભવી લાગતા હતા. કાજીના આસનની આગળ કેટલાક મોટા સોદાગર શેઠીયાઓ ઉભા હતા. કેટલાક ફરીયાદીઓ અને તે ઉપરાંત જોવા આવેલા પણ કેટલાક માણસો ત્યાં હતા. મંસુર પણ ઉમરની સાથે ત્યાં જઇને ઉભો રહ્યો.

પહેલો મુકદમો એક જુવાન વેપારીનો નીકળ્યો. તે વેપારી ભરતખંડનો રહેવાસી હતો. તેણે ઉભા થઈને કહેવા માંડયુઃ—

“કાજી સાહેબ! મારા પિતાના મરણ પછી મને વારસામાં એક હીરાથી ભરેલી પેટી મળી. તે પેટીમાના હીરા કોઇ ઠેકાણે વેચી પૈસા પેદા કરવાના વિચારથી હું આ (મીસર) દેશ તરફ રવાના થયો. પણ મોસમ ખરાબ હોવાથી મારે વચ્ચે જ રોકાઇ જવું પડયું. ત્યાં મને પૈસાની જરૂર પડવાથી હીરાને ત્યાં જ વેચી નાખવાનો મેં નિશ્ચય કર્યો. તે શહેરમાં અલી નામે એક મોટો ઝવેરી રહેતો હતો તેની પાસે હું ગયા અને તેને મારા હીરા બતાવ્યા. તેણે થોડીવાર વિચાર કરી મને કહ્યું કે આ તમારા હીરા બહુ જ હલકા છે. આવા હીરા તો અમારા નોકર લોકો પહેરી રાખે છે. આ વાતની ખાત્રી કરી આપવા તેણે પોતાની પાસેથી મારા હીરાઓ કરતાં એક મોટો હીરો કાઢી મારી સાથે આવેલા મારા નોકરને આપી દીધો. આ જોઇ હું બહુ જ નિરાશ થયો. અલીએ મને કહ્યું, તમે ગભરાશો નહિ; આ પેટી મારી પાસે રાખી જાવ અને બે કલાકની અંદર તેને

બદલે આ શહેરમાં મળી શકતી કોઈપણ ચીજ માગી જજે. હું ત્યારપછી મારા મુકામે ગયો. ત્યાં ગયા પછી મને માલમ પડયું કે મારા નોકરને આપેલો હીરો બનાવટી હતો. તરત જ હું અલીની પાસે ગયો અને મારી પેટી પાછી માગી. તેણે પેટી આપવા ના પાડી આ મારી હકીકત છે. તો આપ સાહેબ હવે યોગ્ય ન્યાય કરો"

હવે અલીને ઉભો કરવામાં આવ્યો. તેણે જણાવ્યું કે, અમારી વચ્ચે સોદો થયો હતો એ વાત સાચી છે પણ, તેની પેટી મારી પાસે રાખવાનું કાંઇ મેં તેને કહ્યું ન હતું. એણે એની ખુશીથી તે મારી પાસે રાખી છે. ત્યારપછી ત્યાં કુરાનનું પવિત્ર પુસ્તક મંગાવવામા આવ્યું; તેનાપર હાથ મૂકી અલીએ જણાવ્યું કે, આ વ્યાપારીને મેં દગો દીધો નથી. શરત પ્રમાણે પેટીના બદલામા કોઇપણ ચીજ આપવા હું તૈયાર છુ

આ સાંભળી ન્યાયાધિશે પેલા હીરાવાળા વ્યાપારીને કહ્યું, "જો ભાઇ ! આ મુકદ્દમો તારી વિરૂદ્ધ જાય છે. તારે તારા બચાવમાં કાંઇ કહેવું છે ?" વ્યાપારી કાંઈપણ બોલ્યો નહિ.

અત્યાર સુધી બાલક ઉમર તના બાપના સાથે ઉભો ઉભો આ બધું સાંભળ્યા કરતો હતો. ધીમેથી તે પેલા વ્યાપારીની પાસે ગયે; અને તેને કહ્યું 'મારાપર વિશ્વાસ રાખી તારા બદલે મને દશ મીનીટ બોલવા દે તારા હીરાને બદલે હું [illegible] ચીજ માગવા ઇચ્છું છુ." વ્યાપારીએ તેને બોલવાની



રજા આપી. તે આગળ આવી કાજીને સલામ કરી ઉભો.


પછી તેણે અલીને પુછ્યું, "બોલો ભાઇ ! આ વ્યાપારીએ તમને જે પેટી આપી છે તેનું વજન કેટલું છે ?" અલીએ જવાબ આપ્યો કે દશ શેર છે.

ઉમરે જોરથી કહ્યું, "ઠીક તો કૃપા કરી આપની શરત પ્રમાણે આ પેટીના બદલામાં દશ શેર મરઘીના પીછાં બે કલાકમાં મને લાવી આપો." અલી આ વાત સાભળી ખુબ ચીઢાયો. તે બોલ્યો, "આ વાત તદ્દન અશક્ય છે. બે કલાકમાં દશ શેર પીછાં મળે ખરાં કે ?" કાજીએ વચ્ચે જ સવાલ કર્યો:—"આ પ્રદેશમાં મરઘીનાં પીછાં મળી શકે છે ખરાં ?" ત્યાં હાજર રહેલા સઘળા બોલી ઉઠયા—"હાજી. અહીં મરઘી દરેક જણ પોતાને ઘેર રાખે છે." આ સાભળી કાજીએ ચુકાદો આપ્યો કે:—

"કાં તો અલીએ શરત પ્રમાણે મરઘીનાં દશ શેર પીછાં બે કલાકમાં લાવી આપવાં; અગર, તેણે વ્યાપારીને તેની પેટી બે કલાકમાં પાછી સોંપવી.

બધાં બોલી ઉઠયાં:-"બરાબર ન્યાય થયો, બરાબર ન્યાય થયો."

અલીએ ઉતરેલા ચહેરે પેટી વ્યાપારીને પાછી સોંપી દીધી. વ્યાપારીએ પેટીમાંથી ત્રણ મોટામાં મોટા હીરા કાઢી તેનો બચાવ કરનાર છોકરાને બક્ષિસ આપ્યા. આમ તેની ચાલાકીનો યોગ્ય બદલો તેને મળ્યો.



ચતુર રાજકન્યા

પ્રાચીન કાળમાં કોઇ બળવંત અને દ્રવ્યથી પુર એવા એક રાજાને એક રૂપાળી અને બહુ ચતુર પુત્રી હતી. રાજા તે પુત્રી ઉપર ઘણું વહાલ રાખતો અને તેને દીઠે અતિ પ્રસન્ન થતો. એક વાર રાજા પરીવાર સંગ બેઠો બેઠો ગમત કરે છે. તે દરમ્યાન પોતાની આ વ્હાલી દીકરી સાથ પ્રશ્નોત્તર કરતાં બહુ હરખમાં આવી તે દીકરીને કહેવા લાગ્યો. ''અહો લાડકી, આજ હું તારાથી બહુ પ્રસન્ન છું. માગ, હમણાં જે માગે તે આપું.''

કુંવરી બોલી,—

" બાપા બેટી લાડકી,
સોફળ માગું ચાર,
હાથે હાથે ચોગણા
સોળ હાથે અંબાર. "



(આ કવિતાની સમજ એ કે, લાડકી પુત્રીએ બાપા પાસેથી ચાર સોપારી એવી રીતે માગી કે, સોળ હાથ સુધી તે ચારને

દરેક વખતે ચોરી કરી ગુણવી એટલે કે પહેલાં ચાર, પછી ચાર, એક સોલ અને સોલ ચોક ચોસઠ એ રીતે જે રકમ જે રીતે આવે તેને સોલ વખત સુધી ચારે ગુણાકાર કરતાં જે સરવાળો થાય તેટલી સોપારી આવે.)

આ સાંભળી રાજા મોહું મલકાવી બોલ્યો, “વહાલી બેટી, આ તારૂં માગવું બહુ અચંબો પમાડે છે. મેં તો ધાર્યું હતું કે તું દ્રવ્યની કિંવા જાગીર કે ગામની માગણી કરશે; પણ તેં એ તો તારી ચાલાક બુદ્ધિને લાંછન લાગવા સરીખી તુચ્છ માગણી કરી.” પુત્રી બોલી, “બાપા, મારી એ માગણી ઉપર જ હું રાજી છું. તમે વચન ખરૂં કરતા હોય તો બસ, એટલું જ અપાવો.”

રાજાએ કહ્યું, “ત્યારે તો જા બેટા, તારી માગણી મારા વચન સાથે તને પુરી કરી દેવી.” પછી કીલીદારને બોલાવી હુકમ કીધો કે આ પુત્રી જેટલી સોપારી માંગે છે, એટલી એને દેવી. કીલીદાર નમીને ગયો, અને હિસાબ ગણી જોય છે તો તે ભારે ગભરાયો! ગણતાં કાંઇ થાગ લાગતો નથી, એટલી સોપારી થાય છે તે તે કયાથી લાવે.? અને કેમ કરી પુરી કરી આપે? તે પાછો ફરી રાજા પાસે આવ્યો; અને અરજ કરી કે, “મહારાજ! આમાં કાંઇ ભરમ છે, જે મારાથી ઉકેલાતો નથી.”

રાજાએ પ્રધાન તરફ જોયું, અને બોલ્યો, “આ મૂર્ખાને સમજ પાડ, અને જોઇતી સોપારી અપાવ.” પ્રધાને કીલીદારની ગણુત્રિ તપાસી જોઇ, અને હેબકી જઇ તે બોલ્યો—“મહારાજ! એટલી સોપારી આપણી આખી રાજધાનીમાં તો શું! પણ દેશદેશમાંથી પણ મળનાર નથી! રાજાએ ભવાં ચઢાવ્યાં અને ગુસ્સાથી બોલ્યો, “અરે પ્રધાન! તારામાં એટલી પણ આવડ નથી? માગેલી સોપારી ન મળે તો, જે કામ થાય તે મુકવી દે!”

પ્રધાન ત્યાંથી ગયો; અને સોપારીની ગણત્રિ કરી તેની કિંમત કરાવી તો તે ગભરાટમાં પડયો. બીજે દિન તે રાજાની હજુરમાં શોકાતુર થઇ, હાથ જોડી ઉભો.


રાજા પૂછે છે, ' હે પ્રધાન ! આજ તું ચિંતામાં કેમ છે ? "

" મહારાજ ! આ તો કંઈ અદભુત માગણી છે. રાજપુત્રીએ માગેલી સોપારીનું દામ આખો ભંડાર ખાલી કરીએ તો પણ પુરી થનારી નથી ! " એમ પ્રધાન બોલ્યો.

રાજા આ સાંભળી ચમકયો; અને દિગ્મૂઢ થઇ પ્રધાનનું મોઢું જોઇ રહ્યો.

ઉપલી માગણીનો ખુલાસો.

રાજપુત્રીના માગવા પ્રમાણે ૧૬ હાથ સુધી ચોગણી ગણતાં કુલે ૧૭,૧૭,૯૮,૬૯,૧૮૪ સોપારી થાય છે, અને ૧ મણ સોપારી તોળી હોય તો ૨૦૦૦ સરેરાશ આવશે. એ પ્રમાણે ગણત્રિ કરતાં કુલે સોપારી ૮૫,૮૯૯૩૪।। (પચાસી લાખ નેવી-આસી હજાર નવસો ને સાડીચાળીસ) મણ થવાની. હવે દર મણ એકના રૂ. ૫) નો ભાવ ગણતાં કુલે રૂ. ૪,૨૯,૪૯,૬૭૨ એટલે (ચાર કરોડ ઓગણત્રીસલાખ, ઓગણપચાસ હજાર છસો ને બોહોતેર) રૂપિયા રાજપુત્રીને આપવા જોઇએ. આટલા બધા રૂપિયા કયાંથી લાવવા ?



: : એ તો તુમેરી જુતીકા પ્રતાપ : :

એક મીયાભાઇ હતા તે હમેશાં દરેક જણને ઘેર સારા પ્રસંગો વખતે વગર નોતરે હાજર રહેતા. આ મીયાભાઇ પોતાને ત્યાં કોઈને પણ જમવા તેડતા ન હતા.

એક દિવસે તે જ ગામના એક શેઠીઆને ત્યાં ચા પાણીની મીજબાની હતી ત્યાં સર્વ ગ્રહસ્થો તથા મીયાંભાઇ હાજર હતા તેની આ ટેવ સર્વે લોકો જાણતા હતા. તેથી મશ્કરીમાં તેમણે મીયાને કહ્યું કે બોલો હવે અમે તમારે ત્યાં કયારે જમવા આવીએ ? આ સાંભળી મીયાએ હસતાં હસતાં કહ્યું કે હવે એક દીવસ જોઇશું.

આ વાતને થોડા દિવસ થયા પછી મીયાંએ સર્વે ગૃહસ્થોને પોતાને ત્યાં મીજબાની માટે નો[illegible]. સર્વે ગૃહસ્થો તેની મશ્કરી કરવા માટે મોટી સંખ્યામાં હાજર થયા મીયાંભાઇએ તેમને માળ ઉપર બેસાડયા [illegible] લોકો પોતાના જોડા નીચે કાઢીને ઉપર જતા હતા જયારે નોતરેલ સર્વ પરોણા આવી ગયા એટલે મીયાંભાઇ બહાનું કરી નીચે [illegible] આવીને મનમાં વિચાર કરવા લાગ્યા કે ઘરના [illegible] નથી તો આ [illegible] જમાડીશ [illegible] વિચાર કરતાં તેની ન[illegible] ઉપર [illegible] જોડા એકઠા કરીને તેની ગાંસડી બાંધ[illegible] તેણે મોચીને ત્યાં તે જોડા વેચી તેની [illegible] રકમ મેળવી તે પૈસાનું તેણે પકવાન તથા બીજું સ[illegible]નું લીધું અને ઘેર આવીને સર્વે ગૃહસ્થોને સારી [illegible] જમાડયા. તેઓએ મીયાને કહ્યું કે આજે તમે અમારી [illegible] કરી તેથી અમે તમારો ઉપકાર માનીએ છીએ. મીયા[illegible] એ તો તુમેરી જુતીકા પ્રતાપ! એમ કહી મીયાંજી [illegible] રાહ જોયા વિના ઉતરી પાડોશીના ઘરમાં ભરાઇ ગયા. જયારે પરોણા નીચે ઉતરી પોતપોતાના જોડા શોધવા લાગ્યા પણ મળ્યા નહિ ત્યારે તેઓ જુતીના પ્રતાપ એટલે જે મીયાએ શબ્દ [illegible] હતા તેનો અર્થ સમજ્યા. મીયાના નામપર [illegible] કરતા તેઓ ત્યાંથી વિદાય થયા.

પ્રાણુશંકર પંડિતનું નવું પરાક્રમ

પ્રાણુશંકર પંડિત પૈસે ટકે સુખી હતા. તેમના કુટુંબમાં તેમની સ્ત્રી તેમનો દીકરો કૃષ્ણુરામ, અને દીકરી લલિતા એટલાં હતાં.

મૂળ બ્રાહ્મણુ ભાઇ એટલે શંકરના ઉપાસક. અને શંકરના ઉપાસક હોવા સાથે વિજયા—ભાંગ—ના પણ ઘણા જ શોખીન હતા. જ્યારે પંડિતજી ભાગ પીને બેસે, ત્યારે એવા ગપાટા હાંકે, કે સાંભળનારો ડીંગ જ થઇ જાય. તેમને ગામથી ચાર ગઉ દૂર આવેલા ભીડભજન મહાદેવ દર્શન કરવા જવાનો રોજનો નિયમ હતો. ત્યાં જઇ દર્શન કરવાં, અને ભાંગ છણી બે છાંના મહાદેવજીને ચઢાવી બે લોટા પોતે ઠોકી જતા અને પછી પાછા ઘેર ફરતા. ચાર ગાઉનો રસ્તો તેમના હિસાબે ફક્ત તેમના ઘરથી તે ગામની ભાગોળ જેટલો નજીક લેખાતો.

આ મુજબ એક દિવસ પ્રાણશંકર પંડિત તેમના કુટુંબ સાથે ભીડભંજન મહાદેવ દર્શન કરવા માટે ગયા હતા તેમની સ્ત્રી અને દીકરીને કોઇના સંઘાથ શોધી આગળથી ઘેર રવાના કરી દીધાં. રહ્યા ફક્ત પોતે, અને કૃષ્ણો. આજ પંડિતજીએ ભાંગને પુરેપુરો ઇન્સાફ આપી દીધો થોડી વારે તેઓ ઘેર જવા નીકળ્યા. રસ્તામા કૃષ્ણુને પુછ્યું. 'કેમ બચ્ચા' તને ઝોળીમા ઘાલીને ઉપાડું કે ખાંધે બેસાડું ?' કૃષ્ણો કહે, બાપા, મને તમારા ખભે બેસાડો. તરત જ પંડિતજીએ કૃષ્ણાને ખાંધે બેસાડી ગામ તરફ જવા માંડયું ભાંગનો અમલ પુરેપુરો જામ્યો હતો એટલે વિચાર પર વિચાર ઉભરાઇ જતા હતા. એમ કરતાં કરતાં ગામના નજીક આવી પહોંચ્યા અને પોતાની પેળમાં પેસવાની તૈયારી તેમણે કરી. તરત જ તેમને એક વિચાર આવ્યો કે અલ્યા મારો કૃષ્ણો કયાં ગયો ? આગળ પાછળ જોવા માંડ્યુ પણ ક્યાંય પણ કૃષ્ણાનો પત્તો લાગ્યો નહિ ! કૃષ્ણો તો નિરાંતે ખાંધ પર સ્વાર થઇને બેઠો હતો. તે બિચારો શું જાણે કે તેના બાપાના મનમાં તેના વિષે જ વિચારો ચાલે છે ?

પંડીતજી હવે તો ગભરાય. તેમણે ધાર્યું કે નક્કી કૃષ્ણાને મહાદેવમાંજ ભૂલીને હું ચાલ્યો આવ્યા. તરત જ પંડીત પાછા ફર્યા અને મહાદેવ આવ્યા. ત્યાં આવી બધે તપાસ કર્યો પણ

કૃષ્ણાનો પત્તો ન મળે! પછી મોટેથી બે ચાર બૂમો પાડી કૃષ્ણાને બોલાવ્યો. કૃષ્ણો ઉપર બેઠો બેઠો ઓ...કહીને જવાબ આપે ત્યારે પંડિત સમજ્યા કે આ તો ઘુંમટમાં પડઘો પડે છે. કૃષ્ણો તો એની મા સાથે જ ઘેર ગયો હશે; માટે ચાલ પાછા ઘેર, એમ વિચારી કરી પાછા તેમણે ઘર તરફ ચાલવા માંડયું. છેવટે ઘરપાસે આવી પહોંચ્યા એટલે તેમના એક પડોશીએ તેમને બોલાવ્યા કે આવો પ્રાણશંકર પંડિત. પંડિત કહે ના ભાઈ હમણાં મને ઘેર જવા દો, મારો જીવ ઉંચો છે પડોશી કહે. જવાય છે હવે જરા પાન તંબાકુ તો ખાતા જાવ! બહુ આગ્રહ થયો એટલે પંડિતજી ઓટલો ચઢી પડોશીના બારણામાં પેસવા લાગ્યા કે ઉપરથી કૃષ્ણાએ બૂમરાણ કરી મૂક્યું. ઓ બાપા, મારા માથામાં વાગશે, જરા નીચા તો નમો નાકર મને નીચે ઉતારો. આ શબ્દોએ પંડિતજીની ઠેકી ઉરાડી દીધી. તરતજ તેમણે કૃષ્ણા ને નીચે ઉતાર્યો અને આ ભાંજગડનું મૂળ આ જ છે એમ સમજી બે ચાર લગાવી વાળી.



કૃષ્ણો તો બીચારો બૂમો પાડવા લાગ્યો અને પડોસી પણ નવાઈ પામી ગયા કે આ શું એકાએક બન્યું? તેમણે પંડિતને પુછ્યું કેમ પ્રાણશંકરભાઈ, બીચારા છોકરાને નાહકનો શું કામ મારો છો પંડિતે જોરથી જવાબ આપ્યો, શું કરૂં ત્યારે? મારૂં નહિ તો સા-....ની પૂજા કરૂં? મને વગર ફોગટનું આઠ ગાઉનું ચક્કર ખવડાવ્યું અને પોતે ખભા ઉપર બેસી જોયા કર્યું! આ સાંભળી ત્યાં એકઠા થયેલા બધા પંડિતજીની અક્કલપર પેટ પકડીને હસવા લાગ્યા. બિચારા પંડિતજી પણ શરમિંદા પડી ગયા અને છોકરાનું કાંડુ પકડી ઘરમાં પેસી ગયા. જોયા ભાંગના પ્રતાપ!

:: પ્રમાણિક બાલક ::

સાંજ પડવા આવી હતી અમે બે બાઇ બહેન બજારના દરવાજા આગળ ઉભાં હતાં. એવામાં એક ન્હાનો છોકરો અમારી પાસે આવ્યો. તેણે અમને દીવાસળીની પેટી લેવા ખૂબ આગ્રહ કર્યો. અમારે પેટીનો ખપ હતો ને લેવાનો વિચાર ન્હોતો; પણ એવામાં તેણે પાછું બોલવા માંડ્યું, "હું તથા મ્હારો ન્હાનો ભાઇ ભૂખ્યા છીએ; તેથી હું તમને પૈસે પૈસે આપવા તૈયાર છું" મ્હેં એક પેટી લીધી; ને પછી પરચુરણ ન હોવાથી એને એક રૂપીઆની નોટ આપી એ દોડતો દોડતો વટાવવા ગયો હું બહુ વાર સુધી ત્યાં જ ઉભી રહી. પણ કોઇ ન આવ્યું. તે છતાં પણ મ્હને એમ લાગતું કે, એ છોકરો પૈસા લઇને નાસી નહિ જાય. પણ તે દહાડે તો એ ન જ આવ્યો.

બીજે દિવસે પેલા છોકરાના જેવો જ એક છોકરો મ્હારી પાસે આવ્યો અને બોલ્યો. "બહેન. મ્હારો ભાઇ નિસરતો પડી ગયો; અને ગાડીનું એક પૈડું એના પગ ઉપરથી ગયું જવાથી પગ ભાંગી ગયો છે. તેથી એ ન આવી શક્યો એ તમારા પૈસા લઇને જ આવતો હતો. તમારા પૈસામાંથી ૭ આના મ્હને જડ્યા. એ એને વિષે બહુ જ ચિંતા કરે છે. એ કહે છે કે તમે એને વિષે શું ધારશો ?" ગરિબ બાલક કેટલી હદ સુધી પ્રમાણિક હતો! આ વિચારે અમારૂં અંતર આનંદથી ઉભરાયું. મ્હેં એને પૈસા રહેવા દેવા કહ્યું અને અમે એની સાથે ગયાં.

એ લોકોનું ઘર એક ન્હાનું અંધારૂં ઝુંપડું હતું તે બહુ જ નજદીક હતું. અંદર પેસતાં જ મેં જોયું કે, અંદર એક છોકરો પથારી ઉપર સુતો હતો. એને બહુ જ વાગ્યું હતું. તથા એનો પગ ભાંગી ગયો હતો, તે મરવાની અણી ઉપર જ હતો. પોતાના ન્હાના ભાઇને જોઇને એ તેને બાઝી પડ્યો, અને બોલ્યો. 'હવે મ્હારા ભાઇની દરકાર કોણ લેશે ?" અમે કહ્યું, "ત્હારે એની ચિંતા ન કરવી. અમે એની પુરતી સંભાળ લઇશું." આ સાંભળી તે જાણે બહુ જ ખુશ થયો હોય એમ લગાર હસ્યો અને અમારી તરફ જોતા જોતાં તે મરણ પામ્યો. અમે એ નાના બાલકની સંભાળ લીધી. જો કે સર્વની સંભાળ લેનાર તો સર્વ શક્તિમાન પરમાત્મા જ છે; પરન્તુ એ બાલકની અમે યોગ્ય સંભાળ જરૂર લીધી.

શરમ !

રાતના આઠ વાગ્યા હતા. બર્દવાન સ્ટેશન ઉપર ગાડી આવી પહોંચી. સર્વ માણુસોએ પોતપોતાનો સામાન લઈ નીચે ઉતરવા માંડયું એવામાં અંગ્રેજી પોષાકમાં સજજ થએલા એક ગૃહસ્થે "મજૂર મજૂર !" કરી બૂમ પાડી.

થોડીવાર પછી એક માણુસ આવ્યો અને કહ્યું "શો હુકમ !" વાર થવાથી તે ગૃહસ્થ ચીડાયો હતો તેથી તેણે કહ્યું કે તમે કયાં જતા રહો છો ? ગાડી ઉપર વખતસર હાજર રહેતા નથી ! ચાલ, આ પોટલી લઇ લે. બહાર ગાડીમાં મૂકવાની છે."

તે માણુસે કંઇપણ બોલ્યાવગર પોટલી લઇ આગળ ચાલવા માંડયું; અને સ્ટેશન બહાર જઇ પોટલી ગાડીમાં મૂકી.

તે ગૃહસ્થે આનો કાઢી તે માણસને આપવા માંડયો; પણ તેણે તે લેવા ના પાડી. ગૃહસ્થે કહ્યું કે "એક આનો ઓછો પડે છે ?"

તે માણુસે કહ્યું કે, 'મેં પૈંસા લેવા માટે આપની પોટલી ઉપાડી નથી; પણ મારા એક દેશબંધુથી પોતાની પોટલી ઉપાડી શકતી નહોતી તેથી મેં મદદ કરી હતી જો આપને હવેથી પોતાની પોટલી લેવામાં શરમ નહિ લાગે તો હું મારી મજુરી વસુલ થયેલી માનીશ !

અત્યાર સુધી તે ગૃહસ્થે તે માણુસને બરાબર જોયો ન હતો. તેના તરફ તે ગૃહસ્થે ધ્યાનથી જોયું તો તે માણુસ મજુર જેવો લાગ્યો નહિ. પણ કોઈ ભલો માણુસ લાગ્યો. તે માણુસને ઓળખીને તે ગૃહસ્થ તેમના પગમાં પડયા અને ક્ષમા માગી.

જે માણસનાં દર્શન કરવા તે ગૃહસ્થ આવ્યા હતા તે જ માણુસ આ પોટલી ઉંચકી લાવનાર શ્રીઇશ્વરચન્દ્ર વિદ્યાસાગર હતા.

ઇશ્વરચન્દ્ર વિદ્યાસાગરની વાત હવે પછી કહીશું.

બગર ફોગટની બઢવાડ

એક વખતે બે મીયાં ભાઇઓએ એવો વિચાર કર્યો કે આપણે આપણા રૂપીઆમાંથી શેરડીનો વાડ કરીએ. બન્ને પાસે મળીને પચાસેક રૂપીઆ હતા.

પ્હેલો મીયાં—આપણે શેરડીની એવી સભાળ રાખશું-ખાતર પુરશું ને પાણી પાશું-કે શેરડી જેમ જેમ ખાશું તેમ તેમ વધારે ખાવાનું મન થશે.

બીજો મીયાં—અરે, હું તો એક છરો મુકીશ ને તો દશ સાંઠા સડપ દઇને કાપી નાખીશ. પછી તો રસની નદી વહેશે.

પ્હેલો મીયાં—તું દશ કાપીશ તો મારો છરો ને મારી તાકાત ક્યાં ભાગી ગયા છે? ભાયડો એક ઘાયે વીસ કાપશે! બોલ;

બીજો મીયાં—હવે જોઇ તારી શેખી. તારા જેવા બાયલા તે શું વીસ કાપતા'તા? આ બંદો પચાસ કાપશે બોલ બેટમજી; હવે છે તાકાત?

પ્હેલો મીયાં—બેસ નામર્દ! પચાસ કાપવામાં તે હતું શું? ભાયડાના ભડાકા તેં હજી નહિ જોયા હોય. હજી કાલે જ એક છોટા વાઘને (બીલાડો) તો જહન્નમ ભેગો કર્યો છે. અને વળી તું શું બડાઇ મારે છે? સો સાઠા કાપવા તે પણ અહિં તો છોકરાની રમત જેવું છે. બોલ છે સત્તા?

બીજો મીયાં—અય હરામી! બસ ઝબાન બંધ કર. હું બસો કાપીશ.

પ્હેલો મીયાં—હું ચારસો કાપીશ. લે છે સત્તા ?

બીજો મીયાં—હું પાંચસો કાપીશ. ચલ બોલ કે "હું હાર્યો છું." નહિ તો (જમૈયો કાઢીને) ચાલ જમૈયો તૈયાર કર નાપાક !

પ્હેલો મીયાં—તું બોલને કે "હુ હાર્યો છુ" નહિ તો તુંય આવી જા.

બન્ને મીયાં ભાઈઓ સામસામા જમૈયો લઇને લડે છે અને ખુબ ઘાચલ થાય છે, ત્યાં એક મહેસુલ ખાતાનો સરકારી અમલદાર ઘોડે બેસીને આવી પહોચે છે. તેની વાંસે એક પટાવાળો પણ ઘોડે બેસીને આવે છે. અમલદારે પુછ્યું-અરે મીયાંસા'બ, શા માટે લડો છો ?

બીજો મીયાં—આ બાયલો જુઓ. એ હરામી કહે છે કે હું ચારસો સાંઠા કાપીશ અને હુ કહું છું કે હું એક ઘાચે પાચસો કાપીશ એ નીચ તે માનતો નથી.


પ્હેલો મીયાં—અરે સા'બ એ બદમાશ માનતો નથી ને કહે છે કે હું તારા કરતાં વધારે કાપીશ.

અમલદાર—પણ તમે શેરડીના વાડનો કર કેમ નથી ભર્યો ? અય પટાવાળા ! લઇ લે આના પાસેથી જેટલા હોય એટલા રૂપીઆ.

પટાવાળો ઘોડેથી ઉતરીને મીયાંભાઇનાં ખીસાં ખાલી કરે છે, અને સાહેબને સોપે છે.

પટાવાળો અને અમલદાર ઘોડે ચડીને પોતાને રસ્તે પડે છે.

પેલા મીયાં સાહેબો પણ વીલે મોઢે પશ્ચાતાપ કરતા પાછા ફરે છે.



:: સીધું એટલે? ::

રઘુ નામે એક છોકરો હતો. નાનપણથી જ તે તોફાની હતો તેના માત પિતાએ તોફાન કરતો મટે એમ ધારી તેને નિશાળે મૂકયો હતો. આ વાતને આજ એકેક વરસ થયાં હતાં. હમણાં તે બીજી ચોપડીમાં હતો. તેની બુદ્ધિ ચંચળ હતી. તે રમતીઆળ ઘણો હતો. વર્ગમાં તેની ગણત્રિ 'બીજા સર્વ બેઠા પછી આપ બેસે'માં હતી હમેશાં તે છેલ્લી પાટલી ઉપર બેસી રહેતો. વર્ગમા તેનું ધ્યાન ભાગ્યે જ રહેતું તેનું ચિત્ત બીજી બાબતામાં ગૂંથાયલું જ રહેતું.

એક દિવસ વર્ગ ચાલુ હતો શિક્ષક વાચન લેતા હતા. રઘુ હમેશ પ્રમાણે આવ્યો. પોતાની છેલ્લી પાટલીએ બેઠો. ફાટી જવાની બીકે ધીમેથી ચોપડી ઉઘાડી તેણે ગજવામાથી પૈસો કાઢી સિસાપેન વતી ઘસી રાજાની છબી પડી. તેને નિરખવા તે મચ્યો હતો. શિક્ષકનું ધ્યાન તેના તરફ ગયું. તમણે પૂછ્યું, "રઘુ. શું કરે છે ?"

"સાહેબ, રામુ વાંચે છે તે ઉપર ધ્યાન આપું છું"

"એમ ! બોલ ત્યારે, રામુએ શું વાંચ્યું ?"

"જી, ઘેટું ઘણું સીધું પ્રાણી છે."

"તું સીધુંના અર્થ જાણે છે ? સીધું એટલે શું ?"

સવારે જ રઘુની માતાએ ગણપત શુકલ માટે સીધું કાઢયું હતું. રઘુએ તે આપ્યું હતું. શું શું ચીજો હતી તે તેણે જોઈ હતી. તે સંકોચ વિના બોલ્યો.

"સાહેબ, થોડા ચોખા, થોડી દાળ, થોડું ઘી, થોડો લોટ અને એક પૈસો મૂકી શુકલને આપવાના આવે છે, તેને સીધું કહે છે !"

સૌ કોઈ હસી પડયા. રઘુ બિચારો ઝંખવાણો પડયો.



લુકમાન હકીમ.

આ જગમશહુર હકીમ અને ફિલસુફ પહેલાં ગુલામ હતો. એક વખત તેના શેઠે તેને ખેતરમાં ઘઉં વવા મોકલ્યો. તેણે જઈ ચણા વાવ્યા. થોડા દિવસ પછી શેઠ ખેતર જોવા આવ્યો ત્યારે ચણા જોઈ પૂછ્યું. 'આ શું વાવ્યું છે?' લુકમાને કહ્યું, 'ચણા'. શેઠે ચીડાઇ ને કહ્યું, 'બેવકૂફ, મેં તો તને ઘઉં વાવવાનું કહ્યું હતું!' લુકમાને શાન્તિથી જવાબ આપ્યો, 'પણ, આમાંથી ઘઉં જ થશે' શેઠે કહ્યું 'તારું કપાળ; ચણા વાવી વળી ઘઉં થતા હશે કે!' લુકમાને ધીરેથી કહ્યું 'કેમ સાહેબ, દુનિયા ભરમાં થાય છે, અને આ ખેતરમાં નહિં થાય!' શેઠે આંખ કહાડી કહ્યું 'એટલે!' લુકમાને બહુ જ નમ્રતાઇથી કહ્યું, 'જુઓ, સાહેબ, દુનિયાનાં માણસો કેટલાં પાપ કરે છે; અને પ્રભુ પાસે મુક્તિની આશા રાખે છે; તેથી હું સમજ્યો કે ચણા વાવી ઘઉં થતા હશે.' શેઠે સાર લીધો, અને લુકમાનને તરત જ ગુલામીમાંથી છુટો કર્યો *

* ઉર્દુ ઉપરથી

અક્કલનો બારદાન

ફક્કડરાવની અક્કલની પરીક્ષા કરી લોકોએ "અક્કલનો બારદાન" એ ઉપનામ તેમને આપ્યું હતું તેમની અક્કલના નમુના નીચે આપ્યા છે. તે પરથી જણાશે કે એ નામ તેમને યોગ્ય જ હતું.

એક દિવસ ફક્કડરાવ ટ્રામમાંથી ઉલટી દિશામાં મો કરી ઉતરવા ગયા. આથી તેમને બે ત્રણ ગુલાંટ ખાઇ ધરતી માતાને સાષ્ટાંગ દંડવત્ કરવા પડ્યા. થોડા વખત પર જ વરસાદ પડેલો હોવાથી એમનાં ભપકાદાર કપડાં ખરડાઇ ગયાં. આથી ફક્કડરાવ અત્યંત શરમાઇ ગયા. પરન્તુ તેમણે સમયસૂચકતા વાપરી મોટેથી 'વંદેમાતરમ્' નો પોકાર કર્યો. આથી લોકોમાં અત્યંત હસાહસ થઇ રહી.

એકવાર એમણે બહાર સુકાવા નખેલું ધોતીઉં કોઇ ચોરી ગયું, એમણે હસતાં હસતાં કહ્યું "સારૂં થયું કે મેં ધોતીઉં પહેર્યું ન્હોતું. નહિ તો તેઓ ધોતીઆં સાથે મને પણ લઇ ગયા હોત !"

એકવાર એઓ મેડાપર સુવા માટે ગયા પણ ત્યાં જતાં તે શા માટે આવ્યા છે એ ભૂલી ગયા. તેથી તેમણે પોતાના નોકરને પૂછ્યું "હું અહિં શા માટે આવ્યો હતો વારૂ ?" નોકરે જવાબ આપ્યો "ઉંઘવા માટે આવ્યા હશો. સાહેબ." "હા—બરાબર." એમ કહી તેઓ સૂઇ ગયા, ને ઉંઘી ગયા.

એક દિવસ તેમને નદીની સામે પાર જવું હતું. પાણી ઘણાં હતાં. તેમણે સાંભળ્યું હતું કે "વિના નૌકા સફર થાશે, તમારી આત્મશ્રદ્ધા તો" આથી તેમણે નદીમાં કુદકો માર્યો. તરતાં આવડતું ન હતું એથી તેઓ ડુબવા લાગ્યા; પણ કિનારાપરના લોકોએ દોડીને તેમને ખેંચી કાઢ્યા.